RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 239 Dt. 25-03-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## UCC બિલ ગુજરાત વિધાનસભામાં પસાર

### UCC લાવનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજ્ય : બિલ પર રાજ્યપાલ સહી કરશે ત્યારે કાયદો બની જશે




ગાંધીનગર, તા.૨૪

આજે ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં 'સમાન નાગરિક સંહિતા' બિલ ૨૦૨૬ રજૂ કરાયું હતું, જે ૭-૩૦ કલાકની ચર્ચા બાદ બહુમતી પસાર થઈ ગયું છે. આ સાથે જ બિલ લાવનાર ગુજરાત ઉત્તરાખંડ બાદ બીજું રાજ્ય બની ગયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 'ગુજરાત બિલ નંબર ૧૭ ઑફ ૨૦૨૬' તરીકે ઓળખાતું આ બિલ રજૂ કરાયું હતું, જેના પર ગૃહમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. કોંગ્રેસે ચૂંટણી આવતા બિલ ઉતાવળેથી લાવવામાં આવ્યું હોવાનો આરોપ કર્યો હતો. મતદાન સમયે કોંગ્રેસે પ્રવર સમિતિને મોકલવાની માગ કરી વોક આઉટ કર્યું હતું. બહુમતીથી પસાર થયા બાદ આ બિલ પર હવે રાજ્યપાલ સહી કરશે જે બાદ તે કાયદાનું રૂપ ધારણ કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૫ મિનિટનું વિધાનસભામાં પ્રવચન કર્યું, કહ્યું હતું કે 'સંસ્કૃતિ મિટાવવા માટે બિલ નથી અને આદિવાસી સંસ્કૃતિને કોઈ નુકસાન નહીં પહોંચે, મહિલાઓ અને બાળકોના ન્યાયની વાત બિલમાં આવરી લેવામાં આવી છે. તમામ પાસાઓની ચર્ચા બાદ આ બિલ લાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ ગૃહમાં બિલ રજૂ કરતા જ સત્તાપક્ષમાંથી જયશ્રી રામના નારા લગાવવામાં આવ્યા હતા.'

બિલમાં લગ્ન અને છૂટાછેડા અંગેના ફરજીયાત બનાવાયેલા નિયમોમાં દરેક નાગરિક માટે લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. જો લગ્નની નોંધણી કરવામાં નહીં આવે, તો ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. એકથી વધુ લગ્ન કરનાર વ્યક્તિને ૪ વર્ષની જેલની સજાની જોગવાઈ છે. દરેક ધર્મ અને સમાજ માટે છૂટાછેડાના નિયમો એકસમાન રહેશે. કોર્ટની બહાર લેવાયેલા છૂટાછેડા અમાન્ય ગણાશે અને આવું કરનાર સજાને પાત્ર રહેશે. જ્યારે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતા યુગલોએ ૩ મહિનાની અંદર તેની નોંધણી કરાવવી પડશે. આ જોગવાઈનો મુખ્ય હેતુ કાનૂની સુરક્ષા આપવાનો અને છેતરપિંડી રોકવાનો છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી છે કે લઘુમતી સમાજમાં ચાલતી પિતરાઈ ભાઈ-બહેન સાથેના લગ્નની પરંપરા પર આ કાયદો લાગુ પડશે નહીં. તેમને આ બાબતમાં છૂટ આપવામાં આવી છે.

**કોંગ્રેસ ધારાસભ્યએ સરકાર પર કર્યા પ્રહાર**

કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ બિલ મુદ્દે જણાવ્યું કે ૪૫ દિવસની જગ્યાએ ૧ વર્ષે રિપોર્ટ આવ્યો અને સમિતિમાં લોકોનું પ્રતિનિધિત્વ પણ ન રાખવામાં આવ્યું, અને સરકાર પર એવું તે શું થયુ કે ૧૭મી એ રિપોર્ટ આવ્યો અને ૨૪મી એ સરકારે વિધાનસભામાં બિલ લાવ્યા. તેમણે કહ્યું ચૂંટણીઓ છે એટલે સરકાર બિલ ઉતાવળે લઈને આવી છે. રિપોર્ટ આપવામાં આવ્યો નથી, ધારાસભ્યોને અભ્યાસ માટે પણ ન આપ્યો અને ઉતાવળે બિલ લાવવામાં આવ્યું છે જેથી ચૂંટણીમાં ફાયદો થાય, સ્થાનિક ચૂંટણીઓમાં ઘઈઈ અનામત માટેના ઝેવરી કમિશનનો રિપોર્ટ હતો એ રિપોર્ટ હજુ જાહેર કરવામાં આવ્યો નથી અને નો રિપોર્ટ પણ જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ આ સરકાર બિલ લાવવાની વાત આવે ત્યારે રાજકીય એજન્ડા માટે વાત કરે છે.

બિલનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ ધર્મના નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ અને લિવ-ઇન રિલેશનશિપ જેવા વિષયોમાં એકસમાન કાયદો લાવવાનો છે. લગ્ન અને છૂટાછેડાની નોંધણી હવે ફરજિયાત બનશે. લિવ-ઇન પાટનર્સે રજિસ્ટ્રાર પાસે નિવેદન સબમિટ કરવું પડશે. આવા સંબંધોથી જન્મેલા બાળકોને કાયદેસર ગણવામાં આવશે અને તેમને તમામ કાયદાકીય સુરક્ષા મળશે. આ કાયદો ગુજરાતમાં રહેતા તમામ લોકો ઉપરાંત રાજ્યની બહાર રહેતા ગુજરાતના મૂળ રહેવાસીઓને પણ લાગુ પડશે. આ સંહિતામાં વ્યક્તિગત કાયદાઓમાં એકરૂપતા લાવવાનો પ્રયાસ છે, પરંતુ સામાજિક સંતુલન જાળવવા માટે અનુસૂચિત જનજાતિઓ (ST) અને લઘુમતી સમાજ, સુરક્ષિત રૂઢિગત અધિકારો ધરાવતા ચોક્કસ જૂથોને આ કાયદાના દાયરામાંથી સ્પષ્ટપણે બાકાત રાખવામાં આવ્યા છે.

### જસ્ટિસ રંજના દેસાઈ સમિતિનો અહેવાલ

ગુજરાત સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ લાખો લોકોના સૂચનો અને કાયદાકીય પાસાઓનો અભ્યાસ કરીને પોતાનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને ૧૭ માર્ચે સુપરત કર્યો હતો, જે બાદ આજે વિધાનસભામાં ચર્ચા કરી બિલને પસાર કરવામાં આવ્યું છે.

### 'જય શ્રી રામ' અને 'ભારત માતા કી જય'ના નારાઓ ગુંજ્યા

ગુજરાતના ઈતિહાસમાં આજે એક ઐતિહાસિક દિવસ નોંધાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત વિધાનસભા ગૃહમાં સમાન નાગરિક સંહિતા એટલે કે બિલ રજૂ કર્યું છે. બિલ રજૂ થતાની સાથે જ સમગ્ર ગૃહ 'જય શ્રી રામ' અને 'ભારત માતા કી જય'ના નારાઓથી ગાજી ઉઠ્યું હતું. હર્ષ સંઘવી સહિતના મંત્રીઓએ આ ક્ષણને વધાવી લીધી હતી. ગૃહને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'આઝાદી બાદ રજવાડા એક થયા હતા, હવે કાયદા એક થશે.' તેમણે સ્પષ્ટ કર્યું કે યુસીસી કોઈ ધર્મ કે વ્યક્તિ વિશેષ વિરુદ્ધ નથી, પરંતુ સૌને સમાન ગણવા માટેનું કદમ છે. વિકસિત ગુજરાત માટે આ કાયદો અનિવાર્ય છે. ઉત્તરાખંડ બાદ ગુજરાત આ નિર્ણય લેનારું દેશનું બીજું રાજ્ય બન્યું છે. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને અન્ય સંતોએ પણ ગૃહમાં હાજર રહી આ બિલને સમર્થન આપ્યું હતું.

## હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લું રાખવા મોદી-ટ્રમ્પ વચ્ચે ચર્ચા

### હોર્મુઝ સ્ટ્રેટ મહત્વપૂર્ણ પરિવહન માર્ગ : દરરોજ ૧૫ મિલિયન બેરલ ક્રૂડ તેલ અને ૫ મિલિયન બેરલ તેલ ઉત્પાદનોનું સંચાલન

નવી દિલ્હી : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી. ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે આ ઘટનાક્રમની માહિતી આપતા કહ્યું કે બંને નેતાઓએ મધ્ય પૂર્વમાં ચાલી રહેલી પરિસ્થિતિ પર ચર્ચા કરી, જેમાં હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લું રાખવાના મહત્વનો પણ સમાવેશ થાય છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલ સંઘર્ષ ચોથા અઠવાડિયામાં પ્રવેશી ગયો છે, જેના કારણે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા થતા વેપાર માર્ગો ખોરવાઈ ગયા છે. અગાઉ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વચ્ચે, એક મહત્વપૂર્ણ વૈશ્વિક શિપિંગ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ ''ખૂબ જ ટૂંક સમયમાં ખુલશે'' અને સૂચન કર્યું કે તેઓ અમેરિકા અને ઈરાન દ્વારા સંયુક્ત રીતે તેનું સંચાલન કરવાની કલ્પના કરે છે .ટ્રમ્પે કહ્યું કે જો તેહરાન સાથે ચાલી રહેલી વાટાઘાટો સફળતાપૂર્વક ચાલુ રહેશે તો સામુદ્રધુની ''ખૂબ જ ટૂંક સમયમાં ખુલ્લી'' થઈ જશે.

તેમણે ઉમેર્યું કે તેઓ અને ઈરાનના નવનિયુક્ત સર્વોચ્ચ નેતા , મોજતબા ખામેની, મહત્વપૂર્ણ શિપિંગ અને વૈશ્વિક ઉર્જા માર્ગને ''સંયુક્ત રીતે'' નિયંત્રિત કરશે.''તે સંયુક્ત રીતે નિયંત્રિત કરવામાં આવશે. હું અને આયાતુલ્લા, આયાતુલ્લા જે પણ હોય, આગામી આયાતુલ્લા જે પણ હોય,'' યુએસ રાષ્ટ્રપતિએ ઉમેર્યું. હોર્મુઝ સ્ટ્રેટ



એક મહત્વપૂર્ણ પરિવહન માર્ગ છે જે સામાન્ય રીતે દરરોજ ૧૫ મિલિયન બેરલ ક્રૂડ તેલ અને ૫ મિલિયન બેરલ તેલ ઉત્પાદનોનું સંચાલન કરે છે, જે વૈશ્વિક દરિયાઈ તેલ વેપારના આશરે ૨૫ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

જો કે, આ પ્રદેશમાં સંઘર્ષને કારણે, જળમાર્ગને પરિવહન માટે ઉચ્ચ જોખમી માનવામાં આવે છે.

## શર્તો ન સ્વીકારાય ત્યાં સુધી યુદ્ધ ચાલુ જ રહેશે : ઈરાન

નવી દિલ્હી, તા.૨૪

ઈરાન સાથેનું યુદ્ધ બંધ કરવા અમેરિકા તૈયાર થયું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તો ત્યાં સુધી કહી દીધું છે કે ઈરાન પણ આ યુદ્ધ ચાલુ રહે તેમ ઈચ્છતું નથી. તે સમાધાન થાય તેમ ઈચ્છે છે. ટ્રમ્પ વધુમાં કહ્યું કે સીઝ ફાયર કરવા માટે ઈરાનના વરિષ્ટ અધિકારીઓ અમેરિકામાં મંત્રણા કરવા આવી પહોંચ્યા છે.

બીજી તરફ ઈરાને ટ્રમ્પના આ દાવાને તદ્દન બનાવટી જણાવ્યો હતો અને કહ્યું હતું કે વૈશ્વિક નાણાંકીય પરિસ્થિતિમાં પોતાની ઈચ્છા મુજબની ગોઠવણી કરવા આવી બનાવટી વાતો વહેતી મુકે છે. આ સાથે મુખ્ય પ્રશ્ન તો તે ઉપસ્થિત થાય છે કે પોતાના ટોચના નેતાઓ જન્નત નસીન થયા હોવા છતાં ઈરાન મંત્રણા માટે તૈયાર




છે કે નહીં ? ઈરાન યુદ્ધ વિરામ માટે તૈયાર છે તેવા ટ્રમ્પના દાવાને ફગાવી દેતાં ઈરાને કહ્યું હતું કે તેની બે મુખ્ય શર્તો (૧) ઈરાન ઉપર મુકાયેલા તમામ પ્રતિબંધો ઉઠાવી લેવાય અને યુદ્ધ દરમિયાન ઈરાનને થયેલું નુકશાન ભરપાઈ કરવામાં આવે તો જ ઈરાન મંત્રણા માટે તૈયાર થશે.


આ સાથે પ્રશ્ન તે ઉપસ્થિત થાય છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તે શર્તો સ્વીકારસે ખરા ? તેમાં પણ ઈરાને અન્ય શર્તો પણ મુકી છે કે અમેરિકાનાં દળો તે વિસ્તારમાંથી ઉઠાવી લેવામાં આવે તેમજ ભવિષ્યમાં ઈરાન ઉપર હુમલા નહીં કરાય તેની ખાતરી આપવામાં આવે.નિરીક્ષકો કહે છે કે અમેરિકા કદાચ વોર ડર્મેજીઝ મોટે ભાગે સરભર કરવા તૈયાર થાય. પરંતુ તે વિસ્તાર મધ્ય પૂર્વમાંથી દળો હટાવી લેવા માટે તો તૈયાર ન જ થાય.

**ઈરાને બે મુખ્ય શર્તો મૂકી છે (૧) ઈરાન ઉપર મૂકાયેલા તમામ પ્રતિબંધો ઉઠાવી લેવાય (૨) યુદ્ધ દરમિયાન થયેલું નુકસાન અમેરિકા ભરપાઈ કરે**

## વિદેશ નીતિ હવે PMની વ્યક્તિગત નીતિ : રાહુલ

### લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આકરા શબ્દોમાં ટીકા કરી, કેન્દ્ર સરકારની વ્યૂહનીતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે







નવી દિલ્હી,તા.૨૫

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૨૫ દિવસથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. હવે આ દેશો એકબીજાના ઊર્જા સ્થળો, ગેસ અને ઓઈલ પ્લાન્ટો પર હુમલાઓ કરી રહ્યા છે. આ કારણે ભારતમાં એલપીજી અને ગેસની અછત ઉભી થયાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ સંકટની અસર ભારતમાં જોવા મળ્યા બાદ દેશમાં રાજકારણ શરૂ થઈ ગયું છે. આ સંકટ મુદ્દે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વડાપ્રધાનની વિદેશ નીતિની આકરા શબ્દોમાં ટીકા કરી છે. તેમણે કેન્દ્ર સરકારની વ્યૂહનીતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતની વિદેશ નીતિ હવે વડાપ્રધાન મોદીની વ્યક્તિગત વિદેશ નીતિ બની ગઈ છે અને તેની આપણે અસર પણ જોઈ રહ્યા છીએ. ભારતની વિદેશ નીતિ એક મજાક બની ગઈ છે. આખી દુનિયા તેને મજાક માની રહી છે.

આ ઉપરાંત વડાપ્રધાન મોદી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિયંત્રણમાં હોવાનો પણ રાહુલે આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ સાંસદે ચેતવણી સાથે કહ્યું કે, 'પીએમ મોદી સંપૂર્ણ ટ્રમ્પના નિયંત્રણમાં છે. ટ્રમ્પને સંપૂર્ણ ખબર છે કે, પીએમ મોદી શું કરવાના છે અને શું નથી કરવાના. જો વડાપ્રધાનની સ્થિતિ નબળી પડી તો દેશની વિદેશ નીતિ પણ નબળી પડી જશે.' વડાપ્રધાન મોદીએ સંસદમાં આપેલા ભાષણ મુદ્દે રાહુલે કહ્યું કે, 'અમેરિકા સાથે વેપાર સમજૂતી કરી દીધી, કાલે સંસદમાં અર્થહીન ભાષણ આપ્યું, જેમાં વડાપ્રધાન તરીકે કોઈપણ ચોક્કસ વલણ જોવા મળ્યું નથી.' તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાનના આ ભાષણોના કારણે સામાન્ય નાગરિકોએ મુશ્કેલી સામનો કરવો પડશે, જેમ કે એલપીજી અને પેટ્રોલની વધતી કિંમતો. રાહુલ ગાંધીએ યાદ અપાવ્યું કે, વડાપ્રધાન મોદીએ વર્તમાન સ્થિતિને કોરોના સાથે જોડીને રજૂ કરી છે, જોકે તેમણે એ કહ્યું નથી કે, કોવિડ વખતે કેટલા લોકોના મોત થયા અને કેટલી સમસ્યાઓ થઈ.' આ ઉપરાંત તેમણે કહ્યું કે, કેરળમાં કાર્યક્રમ હોવાના કારણે તેઓ સર્વપક્ષીય બેઠકમાં આવી નહીં શકે. તેમણે આક્ષેપ કર્યો કે, બેઠકમાં માળખાગત ભૂલ થઈ છે, તેમાં સુધારો થઈ શકતો નથી. વડાપ્રધાન અમેરિકા અને ઈઝરાયલના નિર્દેશ મુજબ કામ કરે છે, તેઓ દેશ અને ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા નથી. આવી સ્થિતિ દેશ અને નાગરિકો માટે ચિંતાનો વિષય છે.

### વડાપ્રધાને રાજ્યસભામાં શું કહ્યું?

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ આજે રાજ્યસભામાં સંબોધનમાં કહ્યું કે, યુદ્ધની શરૂઆત બાદ મેં પશ્ચિમ એશિયાના દેશોના વડા સાથે બે વખત વાતચીત કરી છે. અમે ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા સાથે પણ સતત સંપર્કમાં છીએ. અમે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે પણ વાતચીત કરી છે. કોમર્શિયા જહાજો પર હુમલા અને હોર્મુઝ સ્ટ્રેટમાં અડચણ અસ્વીકાર્ય છે. ભારતે નાગરિકો તથા સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાનો વિરોધ કર્યો છે. ભારત ડિપ્લોમસીના માધ્યમથી યુદ્ધના આ માહોલમાં જહાજોની અવરજવર માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. દુનિયાના અનેક દેશોથી ક્રૂડ ઓઈલ અને ક્ડત્રાહ્ના જહાજ ભારત પહોંચી રહ્યા છે. જો યુદ્ધની પરિસ્થિતિ લાંબા સમય સુધી રહે તો ગંભીર દુષ્પરિણામ નક્કી છે. જે માટે ભારતે તૈયારી શરૂ કરી છે. ભારતનો ૯૦ ટકા વેપાર વિદેશી જહાજો પર થાય છે, જેથી ભારતે હવે મેડ ઈન ઈન્ડિયા જહાજો બનાવવા માટે ૭૦ હજાર કરોડ રૂપિયાનું અભિયાન શરૂ કર્યું છે. આ સિવાય ભારતના મોટા ભાગના હથિયાર પણ દેશમાં જ બનાવવામાં આવી રહ્યા છે. વર્તમાન સંકટના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થાને મોટું નુકસાન થયું છે.

# પ્રજાના કામ સરળ થાય એ જ ઉદ્દેશ્ય : મુખ્યમંત્રી

## 'સુગમ ડિજિટલ ગુજરાત': લાઈનમાંથી ઓનલાઈન તરફ પ્રજાકીય સુખાકારીનું વધુ એક કદમ





### ''સુગમ ડિજિટલ ગુજરાત''ની વિશેષતા

''સુગમ ડિજિટલ ગુજરાત''ની વિશેષતા અંગે મુખ્ય સચિવ એ જણાવ્યું કે, લોકોના કામ ઘરે બેઠાં થશે, સરકારી ઓફિસમાં નહીં જવું પડે. નાગરિકોને ફોનમાં, વફતિંફ્રા પર બધું મળશે. આમાં બારકોડ છે અને આધારકાર્ડ આધારિત ઓથેન્ટિકેશન છે. આ સિસ્ટમ એવી રીતે ગોઠવવામાં અને વિકસાવવામાં આવી છે કે એક સાથે દસ લાખ લોકો પોર્ટલ પર પર આવી જાય તો પણ પ્રશ્નો ઊભા ન થાય. રાજ્ય સરકાર ઈઝ ઓફ લિવિંગ માટે પ્રતિબદ્ધ છે એમ જણાવી , નાગરિકોને નવી કોઈ સિસ્ટમ વિકસાવવાની ગુજરાત સરકારને જરૂર હોય તો તેનું સૂચન કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.સામાન્ય વહીવટ વિભાગ (તાલીમ)ના અગ્ર સચિવ હારિત શુક્લાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે,સમગ્ર પ્રક્રિયાના મનોમંથન અને અભ્યાસ રિપોર્ટ પછી આ ટોપ ૨૦ સર્વિસ નાગરિકોની સુવિધા માટે કાર્યાન્વિત કરવામાં આવી છે. મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા, મહેસુલના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ,અન્ન અને નાગરિક પુરવઠાના અધિક મુખ્ય સચિવ મોના ખંધાર, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, સાયન્સ અને ટેકનોલોજીના સચિવ મતી પી.ભારતી અને ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ, નાયબ મામલતદારો, મામલતદારો તથા તલાટી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર, તા.૨૪

મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજ્યના વહીવટી તંત્રને વધુ આધુનિક અને નાગરિક-કેન્દ્રી બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. 'વિકસિત ભારત'ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવવા માટે આ એક ક્રાંતિકારી કદમ છે.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ રિફોર્મ્સ કમીશનના પાંચમા અહેવાલની ભલામણોને આધારે, રાજ્યના ૫ મુખ્ય વિભાગોની ૨૦ હાઈ-ટ્રાન્ઝેક્શન સેવાઓનું ઓનલાઈન સરલીકરણ જાહેર કર્યું હતું. આ પહેલ દ્વારા હવે આવક-જ્ઞાતિના દાખલા, રેશનકાર્ડ અને સોગંદનામા જેવી પાયાની સેવાઓ 'ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ' બનશે.

'સુગમ ડિજિટલ ગુજરાત' અનાવરણ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યું હતું કે,આપણે ઘણા બધા કાર્યક્રમો કરતા હોઈએ છીએ, અને કાર્યક્રમ એક એવું માધ્યમ છે, જેના દ્વારા સરકાર જે કાર્યો કરે છે તે લોકો સુધી પહોંચે છે. એટલું જ નહીં, પણ જે કાર્ય કર્યું છે એમાં કોઈ રહી ન જાય અને પ્રેસના માધ્યમથી તે માહિતી ઘરે-ઘરે પહોંચે તો, જે નાગરિકો સરકારી યોજનાઓને પાત્ર હોય, તેઓ તેનો પૂરો લાભ લઈ શકે એવો સરકારનો હંમેશા પ્રયત્ન હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાનએ ૨૦૦૨માં 'સ્વાગત ઓનલાઇન' શરૂ કરીને ટેકનોલોજીના ઉપયોગને હંમેશા પ્રાથમિકતા આપી છે. એ જ પ્રાથમિકતાના આધારે આજે આપણે ખૂબ સારું પરિણામ મેળવી રહ્યા છીએ અને ૨૦ જેટલી નવી સેવાઓ 'લાઇન'માંથી 'ઓનલાઇન' કરવા જઈ રહ્યા છીએ. તમામ લોકોને ઘરે બેઠા સુવિધા મળે તે માટે ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ સેવાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ડિજિટલ પ્રક્રિયામાં જો નાગરિકોને ક્યાંય પણ મુશ્કેલી જણાય, તો તેના નિવારણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે તે પણ તેમણે જણાવ્યું હતું.

ગ્રામજનો સૌથી પહેલા કોઈના સંપર્કમાં આવતા હોય તો તે તલાટી અથવા વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ તમામ સેવાઓ ઓનલાઇન કેવી રીતે મળે છે, તેનો આપણે સૌ જેટલો પ્રચાર અને પ્રસાર કરીશું એટલો જ પ્રજાને અને તંત્રને ફાયદો થશે. તમે જે નોકરી કે સેવાનું કાર્ય કરો છો, તેનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ દિશામાં હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય. આપણા મનમાં એ જ લક્ષ્ય હોવું જોઈએ કે જેટલી સરળતાથી લોકોનું કામ થાય એટલો આપણને સંતોષ મળે.જ્યારે પ્રજાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તમામ સ્તરે સાથે મળીને એકજ દિશામાં કામ કરે છે, ત્યારે તેનું પરિણામ અદભૂત આવે છે. ગુજરાતમાં આપણે સૌએ જોયું છે કે, ગમે તેવી પરિસ્થિતિ હોય, જો આપણે સાથે મળીને કામ કર્યું છે તો તેના સચોટ પરિણામો મળ્યા છે.

જ્યારે વડાપ્રધાનએ ડિજિટલ પેમેન્ટની વાત કરી હતી, ત્યારે ઘણા બધા લોકોને એવું લાગતું હતું કે, આ કેવી રીતે શક્ય બનશે? પરંતુ આજે આખા દેશમાં સૌથી વધુ ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ સામાન્ય અને નાના માણસો કરી રહ્યા છે. આમાં પ્રજાનો પણ મોટો સહકાર મળ્યો છે. જ્યારે સરકાર સમસ્યાઓના સમાધાન માટે આગળ વધતી હોય, ત્યારે પ્રજાનો સાથ હંમેશા મળતો રહ્યો છે. આજે ૨૦ સેવાઓ ઓનલાઇન કરી છે અને ભવિષ્યમાં પણ આ ક્ષેત્રે ધ્યાન આપી નાગરિકો માટે વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર તત્પર હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

અનાવરણ થઈ રહેલી પહેલને કારણે ઊભી થનારી વ્યવસ્થામાં ડેટા ડિજિટલ હોવાને કારણે નાગરિકે દરેક નવી સેવા માટે ફરી-ફરીને એના એ જ પેપરો આપવા નહીં પડે તેની વિગત આપતા કહ્યું કે, આ માટે ડિજીટલ લોકરની પણ શરુઆત થઈ રહી છે. ટેકનોલોજીના આ ઉપયોગનો લાભ જન-જન સુધી પહોંચે તે માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે.

'વિકસિત ભારત -૨૦૪૭'માટે વિકસિત ગુજરાત' ને સાકાર કરવા આપણે સૌએ ડિજિટલ ક્ષેત્રે મહત્તમ આગળ વધવું છે. યુ.પી.આઈનો સૌથી વધુ ઉપયોગ નાના ફેરીયા અને શાકવાળા જેવા ઓછું ભણેલા લોકો કરી રહ્યા છે.ડિઝીટલ સરળીકરણ થકી નાગરીક સેવાઓ વધુને વધુ સરળ બનાવી છે.વર્તમાનમાં સર્જાયેલી વૈશ્વિક પરિસ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે,આજે રાજ્યમાં ડીઝલ, પેટ્રોલ કે ગેસની કોઈ જ અછત નથી, બધું જ પૂરતા પ્રમાણમાં મળી રહ્યું છે અને મળતું રહેશે. સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના કાર્ય મંત્ર સાથે સરકાર વિકસિત ગુજરાત માટે કામ કરી રહી છે. બધા સાથે છીએ તો કોઈને તકલીફ પડશે નહીં.

ડિજિટાઇઝેશન એ વર્તમાન ભારત, વર્તમાન ગુજરાત અને વર્તમાન નેતૃત્વની દેન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નાગરિકો અને સરકાર વચ્ચેનું અંતર કેમ ઘટે એવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતાં. નાગરિકોને જનહિતલક્ષી સુવિધાઓ સરળતાથી મળે તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરુ કરવામાં આવી હતી. ગામડાની અંદર સીએચસી,પીએચસી સેન્ટરો અને શહેરી વિસ્તારોમાં જનસેવા કેન્દ્રો મારફત આ સેવાઓ ઝડપથી મળે એવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં હતાં. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ કમિશનના અહેવાલ મુજબ બધી જ નાગરિક કેન્દ્રિત સેવાઓ ડિજિટલ બનાવવાની શરૂઆત કરી હોવાનું વિજ્ઞાન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું.

ભૂતકાળમાં દિલ્હીમાંથી એક રૂપિયો મોકલવામાં આવે ત્યારે ૧૫ કે ૧૬ પૈસા જ નાગરિકો સુધી પહોંચતા હોવાનું તેઓએ જણાવ્યું હતું. જ્યારે આજે વડાપ્રધાનના નેતૃત્વમાં છેવાડાના નાગરિકને સીધે સીધી ડીબીટી મારફત પૂરે પૂરી સહાય મળી રહી છે. આ વખતે કમોસમી વરસાદ બદલ ખેડૂતોના ખાતામાં એક ક્લિકથી અંદાજે ૧૧,૦૦૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. જ્યારે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની એમએસપીથી ખરીદી કરવામાં આવી હતી. ઉપરાંત ૨૬ હજાર કરોડ રૂપિયા એક જ ક્લિકથી બધા લાભાર્થીઓના એકાઉન્ટમાં જમા થઈ ગયા હતાં. આજે કદાચ આ ડિજિટલ સિસ્ટમ ન હોત તો આખી રાજ્ય સરકારના પાંચ - છ લાખ કર્મચારીઓ રોકાયેલા હોત. આજે રેશન કાર્ડ ઉપર મળતા અનાજની સેવાઓ, વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અને વિધવા બહેનોના પેન્શન જેવી સુવિધાઓ ડિજિટાઈઝેશન થવાથી સરળ, પારદર્શી અને ઝડપી બની છે. આ સેવાઓ સંપૂર્ણ ડિજિટલ નથી, કેટલાક દસ્તાવેજો ઓફલાઈન રજૂ કરવા પડે છે. આ પોર્ટલ કાર્યરત થવાથી નાગરિકો ઘરે બેસીને મોટાભાગની સેવાઓ માટેના ફોર્મ જાતે જ ભરી શકશે. 'નાગરિક દેવો ભવ'ના ભાવથી વર્તમાન સરકારના નેતૃત્વમાં શરુ થયેલી આ ડિજિટલ સુવિધાઓનું યોગદાન વિકસિત ભારત ૨૦૪૭ માં મહત્વનું યોગદાન સાબિત થશે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આગ્રહ છે કે, ઈન્કમ સર્ટિફિકેટ, કાસ્ટ સર્ટિફિકેટ અને અન્ય સર્ટિફિકેટ માટે સરકારી કચેરીમાં, સરકારી કામ માટે આવતા લોકોની લાઈનો દૂર થવી જોઈએ. લોકોનું કામ ઘરે બેઠાં થવું જોઈએ. એંસી લાખ લોકો દર વર્ષે લાઈનમાં ઊભા રહે તે યોગ્ય નથી. આજે ટેકનોલોજીના માધ્યમથી મહેસૂલ, આરોગ્ય અને ઊર્જા સહિતના બધા વિભાગો સારું કામ કરી રહ્યા હોવાનું ગુજરાત સરકાર ના મુખ્ય સચિવ મનોજ દાસે જણાવ્યું હતું.

# વંદે માતરમ-૧૫૦ વર્ષની ૩૧ માર્ચ સુધી ઉજવણી

વંદે માતરમ @ 150

वंदे मातरम

## દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાને વધુ મજબૂત બનાવવા જનભાગીદારી થકી વ્યાપક અભિયાન

ગાંધીનગર, તા.૨૪

દેશવાસીઓની રાષ્ટ્રીય ભાવનાને પ્રેરણા આપતું અમર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત 'વંદે માતરમ ૧૫૦ વર્ષ'ના બીજા તબક્કામાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી તા.૨૩થી ૩૧ માર્ચ,૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્ર ભાવનાને વધુને વધુ ઉજાગર કરવાનો છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લા, તાલુકા, નગરપાલિકા,મહાનગરપાલિકા અને ગ્રામીણ સ્તરે વંદે માતરમના સમૂહ ગીતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ,યુવાનો,સરકારી અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.

વધુમાં, દેશભક્તિનો સંદેશ વ્યાપક સ્તરે પહોંચે તે હેતુથી વિવિધ સ્થળોએ રેલી,પદયાત્રા અને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓ અને કોલેજોમાં વંદે માતરમ- દેશભક્તિ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ''વંદે માતરમ૧૫૦વર્ષ '' બીજા તબક્કાના વિવિધ કાર્યક્રમોમાં વધુમાં વધુ યુવાનો- નાગરિકોને ઉત્સાહપૂર્વક જોડાઈ રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે સહભાગી થવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં ૫૬ હજાર બોગસ આદિવાસીઓના પ્રમાણપત્રો !

## આપના ધારાસભ્ય ચૈતર વસાવાની બોગસ પ્રમાણપત્રો રદ કરવા વિધાનસભામાં માંગ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભામાં અનુસૂચિત જનજાતિ (જાઝ) ના બોગસ પ્રમાણપત્રોનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો છે. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભામાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં મોટી સંખ્યામાં બિન-આદિવાસી વ્યક્તિઓએ ખોટી રીતે આદિવાસી હોવાના પ્રમાણપત્રો મેળવ્યા છે. આ પ્રમાણપત્રોના આધારે તેઓ શિક્ષણ, સરકારી નોકરીઓ અને રાજકીય ક્ષેત્રે ખોટા લાભો લઈ રહ્યા છે, જે અટકાવવા જરૂરી છે. ૫૬,૦૦૦ બોગસ પ્રમાણપત્રો રદ કરવાની માંગ ચૈતર વસાવાએ વિધાનસભામાં વિગતો આપતા જણાવ્યું કે, સરકારની કાર્ય સમિતિના અહેવાલ મુજબ ગીર, બરડા અને આલેછના નેસ વિસ્તારમાં રહેતા આશરે ૨૧,૯૧૩ રબારી, ભરવાડ અને ચારણ જ્ઞાતિના લોકોને વિશ્લેષણ સમિતિની માન્યતા બાદ લાભ મળવાપાત્ર છે. જોકે, તે સિવાયના અન્ય આશરે ૫૬,૦૦૦ જેટલા બોગસ એસટી પ્રમાણપત્રો સરકાર દ્વારા આપવામાં આવ્યા છે. આ તમામ પ્રમાણપત્રો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે અને અત્યાર સુધી મેળવેલા તમામ લાભો પરત ખેંચી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારમાં પેન્ડિંગ દરખાસ્ત અંગે રજૂઆત ચૈતર વસાવાએ વધુમાં ઉમેર્યું હતું કે, જે લોકોનો સમાવેશ અનુસૂચિત જનજાતિની યાદીમાં ભૂલથી થઈ ગયો છે, તેમને દૂર કરવા માટે રાજ્ય સરકારે ત્રણ વર્ષ પહેલાં કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી હતી. પરંતુ આ દરખાસ્ત પર હજુ સુધી કોઈ મંજૂરી મળી નથી. રાજ્ય સરકાર આ બાબતે કેન્દ્રમાં તાકીદ કરે અને ૨૦૧૮, ૨૦૨૦ તથા ૨૦૨૨ના કાયદાકીય સુધારાઓનો અમલ કરી વિશ્લેષણ સમિતિ દ્વારા ખોટા પ્રમાણપત્રો ધરાવનારાઓને ઓળખીને દૂર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# આયાતી ફળો મોંઘા થતા સપ્લાયને બ્રેક

## સપ્લાય ચેઈનમાં આવેલા વિક્ષેપ, ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો અને આયાત પ્રક્રિયામાં થતા વિલંબને કારણે બજારમાં ફળોના ભાવ આસમાને પહોંચ્યા : કીવી - સફરજન - એવોકાડો, મોંઘાદાટ




અમદાવાદ તા.૨૪

ઈરાન-ઈઝરાયલ યુદ્ધનો પ્રભાવ હવે વૈશ્વિક સ્તરથી આગળ વધી સ્થાનિક બજારોમાં પણ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો છે. અમદાવાદમાં ખાસ કરીને ઈમ્પોર્ટેડ ફળોના ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેના કારણે ગ્રાહકોને મોંઘવારીનો સીધો માર સહન કરવો પડી રહ્યો છે. સપ્લાય ચેઈનમાં આવેલા વિક્ષેપ, ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો અને આયાત પ્રક્રિયામાં થતા વિલંબને કારણે બજારમાં ફળોના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. હાલની પરિસ્થિતિ માત્ર વેપારીઓ માટે નહીં પરંતુ સામાન્ય લોકો માટે પણ ચિંતાનો વિષય બની ગઈ છે, અને આવનારા દિવસોમાં આ મોંઘવારી વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ ની સીધી અસર હવે અમદાવાદ ના બજારમાં સ્પષ્ટ જોવા મળી રહી છે. ખાસ કરીને ઈમ્પોર્ટેડ ફળો ના ભાવમાં મોટો વધારો નોંધાયો છે. વૈશ્વિક સપ્લાય ચેઈન માં આવેલા વિક્ષેપને કારણે વેપારીઓને માલ સમયસર મળતો નથી, જેના પરિણામે સ્થાનિક બજારમાં કિમતોમાં ઉછાળો આવ્યો છે. અગાઉ જે ફળો ૨૦ થી ૨૫ દિવસમાં પહોંચતા હતા, હવે તે જ કન્ટેનરપહોંચવામાં ૪૫ દિવસ જેટલો સમય લાગી રહ્યો છે, જે વેપાર માટે મોટી મુશ્કેલી બની છે.

આ પરિસ્થિતિ પાછળનું સૌથી મોટું કારણ ટ્રાન્સપોર્ટેશન ખચ માં થયેલો ભારે વધારો છે. કન્ટેનર ભાડું ૪ થી ૫ ગણું વધતા આયાત ખર્ચ માં નોંધપાત્ર વધારો થયો છે. આ વધેલા ખર્ચનો સીધો બોજ ગ્રાહકો પર આવી રહ્યો છે. ઈમ્પોર્ટેડ લક્ઝરી ફળો માં સરેરાશ ૧૫ થી ૨૦ ટકા સુધી ભાવ વધારો નોંધાયો છે. વેપારીઓ જણાવે છે કે ચીન , ઈજિપ્ત, ન્યૂઝીલેન્ડ સહિત લગભગ ૧૫ દેશોમાંથી આવતાં ફળો હવે વધુ મોંઘા પડી રહ્યા છે.

હાલમાં બજારમાં ઉપલબ્ધ ઈમ્પોર્ટેડ ફળોના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. સફરજનના ભાવ રૂપિયા ૨૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે, જ્યારે કીવી રૂપિયા ૩૫૦ પ્રતિ કિલો વેચાઈ રહી છે. એવોકાડા ૧૨ નંગ માટે રૂપિયા ૧૩૦૦ સુધી પહોંચ્યું છે, જ્યારે ડ્રેગન ફ્રૂટ રૂપિયા ૨૦૦ પ્રતિ કિલો અને ઈમ્પોર્ટેડ સંતરા પણ રૂપિયા ૨૦૦ પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યા છે. સપ્લાયમાં વિલંબ અને વધેલા ખર્ચના કારણે બજારમાં માંગ અને પુરવઠા વચ્ચે અસંતુલન સર્જાયું છે.

જો ઈરાન-ઈઝરાયલ યુદ્ધ ની પરિસ્થિતિ યથાવત રહે છે, તો આવનારા દિવસોમાં ઈમ્પોર્ટેડ ફળોના ભાવમાં વધુ વધારો થવાની પૂરી શક્યતા છે. વેપારીઓ અને નિષ્ણાતો માને છે કે સપ્લાય ચેઇન સામાન્ય થવામાં સમય લાગશે, જેથી ગ્રાહકોને આગળ પણ મોંઘવારીનો સામનો કરવો પડી શકે છે. હાલની પરિસ્થિતિ બજારમાં અનિ÷તિતા ઉભી કરી રહી છે, જેનાથી આગામી દિવસોમાં ભાવ વધુ ઉંચા જઈ શકે છે.

# પૂર્વ મેયર-ચેરમેનના ગેરકાયદે બંગલા તોડો

## મનપા કચેરીમાં કોંગ્રેસનો હલ્લાબોલ : ત્રિકોણબાગથી કોર્પોરેશન કચેરી સુધી રેલી રૂપે આવી ભાજપના કમિશનર હાય હાય, ભાજપ હાય હાય અને ભ્રષ્ટાચાર હાય હાયના સુત્રોચ્ચાર : કાર્યકરો પથ્થરનો હાર પહેરીને આવ્યા












રાજકોટ, તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાઈ રહી છે ત્યારે બીજી બાજું આજે શહેર કોંગ્રેસ દ્વારા મહાનગરપાલિકામાં ફલેલા ફાલેલા ભ્રષ્ટાચાર મુદ્દે અને ગેરકાયદે બાંધકામો મુદ્દે મહાનગરપાલિકા કચેરીએ ઘસી આવીને સુત્રોચ્ચાર કર્યા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપ સિંહ જાડેજાની આગેવાની નીચે અંદાજે ૩૦૦ જેટલાં આગેવાનો અને કાર્યકરો મહાનગરપાલિકા કચેરીએ ઘસી આવતાં કચેરી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. અને ગણ્યાંગાંઠયા આગેવાનોને કમિશનર લોબી સુધી પ્રવેશવા દેવાયા હતા. આગેવાનોએ ભાજપના કમિશરન હાય હાય હાય રે ભાજપ હાય હાય અને ભ્રષ્ટાચાર બંધ કરોના સુત્રોચ્ચાર અને રામધુન બોલાવી હતી. એક કાર્યકરે પથ્થરનો હાર પહેરીને વિરોધ નોંધાવ્યો હતો. શહેર કોંગ્રેસ દ્વારા મહાનગર પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચાર અને પુર્વ મેયર નયનાબેન પેઢડિયાના પતિ વિનુ ભાઈએ સરકારી જમીન પર કરેલા ગેરકાયદે બાંધકામ અને પુર્વ ચેરમેન જયમીન ઠાકરે કરેલા ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની માગણી સાથે આજે ત્રિકોણબાગથી રેલી પોજીને મહાનગરપાલિકા કચેરી ખાતે રજુઆત કરવા ઘસી આવ્યા હતા. મોટી સંખ્યામાં કોંગ્રેસીઓ આવી ચડતાં મહાનગરપાલિકા કચેરી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી અને કમિશનર બ્રાંચની લોબી બંધ કરી દેવામાં આવી હતી. જો કે પછીથી કેટલાંક આગેવાનોને અંદર પ્રવેશવા દેવાયા હતા. શહેર કોંગ્રેસના પ્રમુખ રાજદિપસિંહ જાડેજા, પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, રણજીત મુંધવા સહિતના આગેવાનોએ કમિશનર લોબીમાં બેસીને 'હાય રે ભાજપ હાય હાય' 'ભાજપના કમિશનર હાય હાય' ' ભ્રષ્ટાચારી ભાજપ હાય હાય' તેમજ 'ગેરકાયદે બાંધકામો દુર કરો' સહિતના સુત્રોચ્ચાર કર્યા હતા.

કમિશનર પાસે રુજુઆત કરવા જવા કોંગ્રેસના આગેવાનોએ લોબીમાં ધસારો કરતા પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. અને બંદોબસ્તમાં રહેલી પોલીસે આગેવાનોને ધક્કામારીને દુર હડસેલ્યા હતા. કોંગ્રેસ દ્વારા અપાયેલા આવેદનમાં જણાવાયા મુજબ, રાજકોટમાં જુદી જુદી જગ્યાએ ગરીબોના મકાનો તોડી પાડવામાં તંત્ર શૂરવીરતા

બતાવે છે, પરંતુ પુર્વ મેયર નયનાબેન પેઢડિયાના પતિ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામો સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી? શું કાયદો માત્ર સામાન્ય જનતા માટે જ છે? ભાજપના નેતાઓના દબાણો સામે તંત્રના 'બુલડોઝર' કેમ થોભી જાય છે? આવી રીતે ઇંદિરા સર્કલ પાસે સિટી બસના ચાલકે નિર્દોષ લોકોનના જીવ લીધા છે. આ ઘટનામાં પણ કોઈ કડક પગલાં લેવાયા નથી.

ખુદ રાજકોટ શહેર ભાજપ દ્વારા તેમના જ કોર્પોરેટરોને ભ્રષ્ટાચારના આરોપમાં સસ્પેન્ડ કરવા પડયા છે અથવા કડક ચેતવણી આપવાની ફરજ પડી છે. આ ઘટના સ્પષ્ટ કરે છે કે રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર પાછળ શહેર ભાજપના નેતાઓ સીધી રીતે જવાબદાર છે. જ્યારે શાસક પક્ષ જ સ્વીકારતો હોય કે તેમના હોદ્દેદારો ભ્રષ્ટ છે, ત્યારે કોર્પોરેશનના અધિકારીઓ કપા આધારે તેમની 'મીઠી નજર' હેઠળ આ ગેરરીતિઓ ચલાવી રહ્યા છે? રાજકોટ શહેર કોંગ્રેસ માંગણી કરે છે કે, મેપરના ગેરકાયદે બાંધકામ પર તત્કાલ ડિમોલિશન કરવામાં આવે. જો આગામી દિવસોમાં જનતાને ન્યાય નહીં મળે, તો કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરની ઓફિસનો ઘેરાવ કરવામાં આવશે.

# ફુડ શાખાએ લીધેલો દૂધનો નમુનો ફેલ

## મવડી બાયપાસ નજીકની રાધે krishna ડેરી ફાર્મમાંથી લીધો'તો નમૂનો



રાજકોટ, તા.૨૪

મહાનગરપાલિકાના ફડ વિભાગ દ્વારા રાધે ક્રિષ્ના ડેરી ફાર્મ મવડી બાયપાસ રોડ, ડી.એમ. પાર્ક-૧, સોરઠિયા વાડીને ત્યાંથી લેવામાં આવેલ ખાદ્યચીજ ફૂલ ક્રીમ મિલ્ક (લુઝ) નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં ટેસ્ટ ફોર ફોરેન ફેટ ઇ.છ. અઝ ૪૦૦ ઈની માત્રા ધારા ધોરણ કરતાં વધુ આવેલ હોવાથી નમૂનો સબ સ્ટાન્ડર્ડ (ફેઇલ) જાહેર થયો છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ અલગ અલગ ત્રણ સ્થળેથી દૂધનાં ત્રણ નમૂના લેવામાં આવ્યા હતાં.

જેમાં ફૂલ ક્રીમ મિલ્ક (મધુવન ડેરી ફાર્મ,ઓજસ ઔરા- ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નં. ૧૯ મટુકી પાસે, ૮૦ ફૂટ રોડ, વાવડી) , ફુલ ક્રીમ મિલ્ક (લૂઝ): સ્થળ -ઉમિયાજી ડેરી ફાર્મ, ઓજસ ઔરા- ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નં. ૧૧, મટુકી પાસે, ૮૦ ફૂટ રોડ, વાવડી અને ગાયનું દૂધ જય દ્વારકાધીશ ડેરી ફાર્મ, ન્યુ પરિમલ કો.ઓપ. હાઉસિંગ સોસા. દુકાન નં. ૨, જનકપુરી મેઇન રોડ, રૈયા વિસ્તારોમાંથી નમુના લેવાયા હતા

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમ દ્વારા FSW વાન સાથે શહેરના સાધુ વાસવાણી મેઇન રોડ-યુનિ. રોડ વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૨૩ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩ ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી તેમજ ખાદ્યચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી.

# રાજકોટમાં ૩.૨ની તિવ્રતાનો ભૂકંપ




## રાજકોટથી ૭ કિ.મી. દૂર કેન્દ્ર બિંદુ નોંધાયું

રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેરમાં આજે સાંજે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. સિસ્મોલોજી સેન્ટરના જણાવ્યા અનુસાર, સાંજે ૫:૪૧ વાગ્યે રાજકોટ અને તેની આસપાસના વિસ્તારોમાં પૃથ્વીના પેટાળમાં હલચલ જોવા મળી હતી. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૨ નોંધવામાં આવી છે.

ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના ડેટા મુજબ, આ ભૂકંપનું એપી સેન્ટર (કેન્દ્રબિંદુ) રાજકોટથી માત્ર ૭ કિમી દૂર નોંધાયું છે. જમીનની અંદર અંદાજે ૧૫ કિમીની ઊંડાઈએ આ હલચલ થઇ હતી. શહેરની સાવ નજીક કેન્દ્રબિંદુ હોવાને કારણે રહેણાંક વિસ્તારોમાં તેની અસર વધુ જોવા મળી હતી. સાંજના સમયે જ્યારે લોકો પોત પોતાના કામમાં વ્યસ્ત હતા, ત્યારે અચાનક આવેલી ધ્રુજારીને કારણે અનેક લોકો ઘર અને ઓફિસની બહાર દોડી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર પણ ભૂકંપના આંચકા અંગેની ચર્ચાઓ તેજ બની હતી. જોકે, આંચકો ખૂબ જ ટૂંકા સમય માટે હોવાથી ઘણા લોકોને તેનો અનુભવ થયો હતો, જ્યારે કેટલાક લોકોએ કંઈ પણ અનુભવ્યું નહોતું. ખાસ કરીને બહુમાળી ઈમારતોમાં રહેતા લોકોએ અનુભવ કર્યો હતો. રાહતની વાત એ છે કે ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી અત્યાર સુધી ક્યાંય પણ નુકસાન ના સમાચાર મળ્યા નથી. વહીવટી તંત્ર દ્વારા પણ પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. રાજકોટમાં અવારનવાર આવતા આવા નાના આંચકાઓને પગલે લોકોમાં કુતૂહલ અને થોડો ભય જોવા મળી રહ્યો છે.

# રૂરલ પોલીસે ખેતમજુર બની ગુજસીટોકના આરોપીને દબોચ્યો

## સૌરાષ્ટ્રમાં અનેક ચોરી- લુંટ કરનાર તસ્કર ગેંગ સામે રૂરલ પોલીસે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી ૧૧ સાગ્રીતોની ધરપકડ કરી'તી : મુખ્ય આરોપી રણજીત ઉર્ફે બોડીયાને ડ્રોન કેમેરાના મદદથી દબોચી લેવાયો : ૪૫ ગુન્હામાં સંડોવાયેલ રણજીત ઉર્ફે બોડીયો ૭ દિ'ના રીમાન્ડ ઉપર

રાજકોટ, તા., ૨૪:

સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ ચોરી અને લુંટ કરનાર પાલીતાણા પંથકની તસ્કર ટોળકી સામે રાજકોટ ગ્રામ્ય પોલીસે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી ૧૧ શખ્સોની ધરપકડ કરી હતી. આ તસ્કર ટોળકીના ગેંગ લીડરને રૂરલ પોલીસે ખેતમજુરનો વેશ ધારણ કરી ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી પાલીતાણા પંથકમાંથી દબોચી લીધો હતો.

સૌરાષ્ટ્રના રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, ગીર સોમનાથ, દ્વારકા અને અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં મિલ્કત સંબંધી તથા શરીર સંબંધી ગંભીર પ્રકારના ગુન્હા આચરનાર તસ્કર ટોળકી સામે રૂરલ એસપી વિજયસિંહ ગુર્જર તથા ટીમે વિછીયા પોલીસ મથકમાં ગુજસીટોક હેઠળ ગુન્હો દાખલ કરી ૧૧ સાગ્રીતોની ધરપકડ કરી હતી. આ તસ્કર ટોળકીનો ગેંગ લીડર રણજીત ઉર્ફે બોડીયો ઉર્ફે રણીયો રામજીભાઇ પરમાર (રહે. પાલીતાણા) પાલીતાણા પંથકના ડુંગરાળ સીમ વિસ્તારમાં હોવાની બાતમી મળતા જેતપુરના ડીવાયએસપી આર.એ. ડોડીયા, રૂરલ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ વી.વી.ઓડેદરાની આગેવાની હેઠળ રૂરલ પોલીસે ખેતમજુરનો વેશ ધારણ કરી ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી ગેંગ લીડર રણજીત ઉર્ફે બોડીયાને પાલીતાણા પંથકમાંથી ઝડપી લીધો હતો. લુંટ-ચોરી, બળાત્કાર સહિતના ૪૫ ગુન્હામાં સંડોવાયેલ રણજીતને કોર્ટમાં રજુ કરાતા કોર્ટે ૭ દિ'ના રીમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો.



કાર્યવાહીમાં ગ્રામ્ય એલસીબીના પીએસઆઇ કે.એમ.ચાવડા, પીએસઆઇ એચ.સી.ગોહીલ, પીએસઆઇ આર.વી. ભીમાણી, પીએસઆઇ પી.એન.ભરવાડ, એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા, એએસઆઇ જયવીરસિંહ રાણા, એએસઆઇ અનિલભાઇ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઇ બાવળીયા, હેડ કોન્સ્ટેબલ રસીકભાઇ જમોડ, કોન્સ્ટેબલ રણજીતભાઇ બોરડ મેટોડા પો. સ્ટે.ના પીએસઆઇ એન.બી.ઝાલા, વિંછીયા પો.સ્ટે.ના એએસઆઇ સંજયકુમાર નિરંજની, જેતપુર ડીવાયએસપી કચેરીના એએસઆઇ રાજુભાઇ જોષી, હેડ કો. નિમેશભાઇ સહીતનો સ્ટાફ જોડાયો હતો.

# રાજકોટ નાગરિક સહકારી બેંકની દરેડ શાખાનો પ્રારંભ



રાજકોટ તા. ૨૪

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ૪૧મી દરેડ-જામનગર શાખાનો વિધિવત પ્રારંભ થયો છે. આ મંગલ અવસરે જાજરમાન ઉદ્ઘાટન સમારોહ યોજાયેલો હતો. કાર્યક્રમની શરૂઆતમાં લક્ષ્મીજી, ભારત માતા અને અરવિંદભાઈ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું.

શાખાનો મંગલ પ્રારંભ કૃષ્ણપ્રણામી મંદિરના પૂ.૧૦૮ કૃષ્ણમણીજી મહારાજના હસ્તે કરવામાં આવ્યો હતો.પ્રાસંગિક ઉદ્બોધનમાં આર્શી વચન પાઠવતાં પૂ. ૧૦૮ કૃષ્ણમણીજી મહારાજે જણાવ્યું હતું કે, આપણા દેશમાં સહકારી ક્ષેત્રનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે, દરેડમાં શુભારંભ અવસરે સાધુવાદ આપું છું. સાથે મળીને સહુનું ભલુ કરીએ. એનયુસીએફડીસી-અંબેલાના ચેરમેન અને ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશનના ચેરમેન જ્યોતીન્દ્રભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, 'અનેક સહકારી આગેવાનોએ સહકારી ક્ષેત્ર માટે લોહીનું સિંચન કર્યું છે. સહકારી ક્ષેત્રનું મહત્વ વધ્યું છે અને હવે તેનો જમાનો આવી રહ્યો છે. દરેડ શાખાથી એમએસએમઈના વિકાસમાં જરૂરી યોગદાન મળી રહેશે.' બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, આ માસમાં બેંકની પાંચ નવી શાખા શરૂ થઇ રહી છે તે પૈકી આ ત્રીજી શાખા કાર્યાન્વીત થઈ છે. રાજકોટ, જામનગર કે અન્યત્ર, કોઇ ઉદ્યોગપતિને મળીએ છીએ ત્યારે એક વાત અચુક કરે છે કે અમારા શરૂઆતના સમયમાં પ્રથમ લોન રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની હતી. આ પાયાનું યોગદાન છે. દરેડના ઉદ્યોગોને ધ્યાને લઇ બેંક દ્વારા આકર્ષક અને વિશેષ વ્યાજદર અમલમાં મૂકયા છે.

આ અવસરે વિવિધ મહાનુભાવોએ બેંકની દરેડ શાખાનું સ્વાગત કરતાં શુભકામના પાઠવી હતી અને ઉદ્યોગોનાં વિકાસમાં બેંકનું યોગદાન મહત્વપૂર્ણ બની રહેશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. સફળ સંચાલન રજનીકાંત રાયચુરાએ અને આભારદર્શન સુરભીબેન દવેએ કર્યું હતું.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# અર્થતંત્ર ડામાડોળ

## સરકારની કુટનીતિ, મેનેજમેન્ટ અને લોકોના ધૈર્યની કસોટીનો



વર્તમાન સમયમાં વૈશ્વિક અર્થતંત્ર અત્યંત નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. રશિયા-યુક્રેન અને મધ્ય-પૂર્વના યુદ્ધોએ વિશ્વભરમાં આર્થિક અસ્થિરતા ઊભી કરી છે. આ પરિસ્થિતિની સૌથી તીવ્ર અસર શેરબજાર અને સોના-ચાંદીના ભાવ પર જોવા મળી રહી છે. સામાન્ય માણસ જ્યારે પોતાના ઘરનું બજેટ સંભાળવામાં વ્યસ્ત હોય, ત્યારે બજારમાં આવતી અચાનક અફરાતફરી તેની ચિંતામાં વધારો કરે છે. સોના-ચાંદી અને શેરબજારમાં જે રીતે અચાનક મોટી વધઘટ થાય છે, તે જોતા સ્પષ્ટ લાગે છે કે માર્કેટના મોટા ખેલાડીઓ આ અનિશ્ચિતતાનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે.


ભારતના પડોશી દેશોની સ્થિતિ અત્યંત ગંભીર છે. શ્રીલંકા અને પાકિસ્તાનમાં ઇંધણના ભાવ સામાન્ય માણસની પહોંચ બહાર ગયા છે. પાકિસ્તાનમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ પ્રતિ લિટર ૨૭૦ થી ૨૮૦ રૂપિયાની આસપાસ છે, જ્યારે શ્રીલંકામાં પણ સ્થિતિ આવી જ કપરી છે. તેની તુલનાએ ભારતમાં ઇંધણોની કિંમત સરકારની તાકાતને કારણે કાબૂમાં છે. આ સરકારની આર્થિક અને રાજદ્વારી નીતિની સફળતા ગણાય. જોકે, બજારની સંપૂર્ણ સ્થિરતા અત્યારે વૈશ્વિક યુદ્ધોના અંત પર આધારિત છે.

શેરબજાર અને સોનામાં ખેલાડીઓની ચાલ હોય તેવી આશંકા ઘણાં વ્યક્ત કરે છે. જ્યારે પણ વૈશ્વિક તણાવ વધે છે, ત્યારે મોટા રોકાણકારો બજારમાં સક્રિય થાય છે. શેરબજારમાં અફવાઓ ફેલાવીને નાના રોકાણકારોના શેર સસ્તામાં પડાવી લેવાની રમત ખેલાતી હોય તેમ જણાય છે. સોના-ચાંદીના ભાવમાં કૃત્રિમ તેજી લાવીને ગભરાટ ફેલાવવામાં આવે છે. આવી સ્થિતિમાં સામાન્ય માણસે બજારના ખેલાડીઓની ચાલાકીઓથી બચવા માટે અત્યંત સાવધ રહેવું અનિવાર્ય છે.

આવા કપરા સમયમાં ગભરાઈને ઉતાવળા નિર્ણયો લેવાને બદલે ધૈર્ય રાખવું અત્યંત જરૂરી છે. અત્યારે સંયમ રાખવાનો અને બિનજરૂરી ખર્ચ ટાળવાનો સમય છે. લોકોનું ધૈર્ય જ અત્યારે દેશની સૌથી મોટી તાકાત બની શકે છે. માર્કેટના ખેલાડીઓની ચાલમાં ફસાયા વગર જો નાગરિકો શાંતિ જાળવશે, તો જ આ આર્થિક તોફાન સામે ભારત મજબૂતીથી ટકી શકશે. સમજદારીપૂર્વકનું આયોજન અને આર્થિક શિસ્ત જ અત્યારે સામાન્ય માણસનું રક્ષણ કરી શકે છે. ભારત તેના નાગરિકોના મનોબળને કારણે જ આ વૈશ્વિક વાવાઝોડા સામે અડીખમ ઊભું છે.

# એપ્રિલની શરૂઆતમા જ ઓનલાઈન પેમેન્ટના બદલશે નિયમ

## ફ્રોડ થશે તો બેંકે કરવું પડશે ચુકવણું : ડિજિટલ ઈન્ડિયા તરફ સરકારનો વધુ એક મક્કમ પગલું




નવીદિલ્હી, તા. ૨૪

આજકાલ, શાકભાજી વેચનારથી લઈને મોટા શોપિંગ મોલ સુધી, આપણે દરેક જગ્યાએ સ્માર્ટફોનનો ઉપયોગ કરીને ચુકવણી કરવાનું પસંદ કરીએ છીએ. ડિજિટલ વ્યવહારોએ આપણું રોજિંદુ જીવન ખૂબ સરળ બનાવી દીધું છે. પરંતુ આ સુવિધાની સાથે, સાયબર છેતરપિંડી અને ઓનલાઈન કૌભાંડોનો સતત ભય પણ આપણને સતાવે છે. સામાન્ય માણસની આ ચિંતાને દૂર કરવા માટે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ એક મોટું પગલું ભર્યું છે. ૧ એપ્રિલ, ૨૦૨૬ થી, દેશભરમાં સમગ્ર ઓનલાઈન ચુકવણી માળખામાં ફેરફાર થવાની તૈયારી છે. સાયબર ગુનેગારો હવે તમારા મહેનતના પૈસા સરળતાથી ચોરી શકશે નહીં. રિઝર્વ બેંકના નવા નિર્દેશો અનુસાર, કોઈપણ ઓનલાઈન વ્યવહાર પૂર્ણ કરવા માટે હવે ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન (2FA) ફરજિયાત બનશે. સરળ શબ્દોમાં કહીએ તો, ચુકવણીની પુષ્ટિ કરવા માટે, તમારે ઓછામાં ઓછા બે સુરક્ષા પગલાંમાંથી પસાર થવાની જરૂર પડશે. તમે પાસવર્ડ, પિન, OTP અથવા બાયોમેટ્રિક્સ (જેમ કે ફિંગરપ્રિન્ટ અને ફેસ આઈડી) નો ઉપયોગ કરી શકો છો. સૌથી મહત્વની બાબત એ છે કે આમાંથી એક પદ્ધતિ ગતિશીલ હોવી જોઈએ, એટલે કે પાસવર્ડ અથવા કોડ જે દર વખતે નવો હોય. આ નવી સિસ્ટમ ખાતરી કરશે કે જો કોઈ છેતરપિંડી કરનાર તમારી કેટલીક માહિતી મેળવી લે, તો પણ તે તમારા ખાતામાંથી પૈસા ઉપાડી શકશે નહીં.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ડિજિટલ પેમેન્ટ ઝડપથી વધ્યા છે. જોકે, ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ અને અનધિકૃત વ્યવહારોના કિસ્સાઓ પણ નોંધપાત્ર રીતે વધ્યા છે. અત્યાર સુધી, આપણી સિસ્ટમ મુખ્યત્વે OTP પર આધાર રાખતી હતી. જોકે, ટેકનોલોજીના આ યુગમાં, હેકર્સે ઘઝઝ ચોરી કરવા માટે ઘણી નવી અને ખતરનાક રીતો વિકસાવી છે. હવે, તમારી બચતને ફક્ત એક સંદેશની દયા પર છોડી શકાતી નથી. આ ભયની અપેક્ષા રાખીને, કેન્દ્રીય બેંકે વધુ મજબૂત અને સુરક્ષિત સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

આ નવી માર્ગદર્શિકાનો સૌથી મોટો ફાયદો સરેરાશ ગ્રાહકને થશે. જો વ્યવહાર દરમિયાન સ્થાપિત સુરક્ષા પ્રોટોકોલના ભંગથી ગ્રાહક છેતરપિંડીનો ભોગ બને છે, તો બેંક અથવા ચુકવણી કંપની (ફિનટેક) સીધી જવાબદાર રહેશે. આવા સંજોગોમાં, ગ્રાહકને કોઈ નાણાકીય નુકસાન થશે નહીં; તેના બદલે, સંબંધિત એન્ટિટીએ બધા પૈસા પરત કરવા પડશે. આ કડક નિયમન બેંકો અને ચુકવણી કંપનીઓ પર તેમની સુરક્ષા પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવા માટે દબાણ લાવશે.

સુરક્ષામાં વધારો કરવા ઉપરાંત, જાહેર સુવિધાને પણ સંપૂર્ણપણે સંબોધવામાં આવી છે. રિઝર્વ બેંકે 'જોખમ-આધારિત પ્રમાણીકરણ' રજૂ કર્યું છે. આનો સીધો અર્થ એ છે કે દરેક વ્યવહાર સમાન સ્તરની કડકતાને આધીન રહેશે નહીં. જો તમે નાની, રોજિંદા ચુકવણીઓ કરી રહ્યા છો, તો ઓછી ચકાસણી પૂરતી રહેશે. જો કે, જો રકમ મોટી હોય અથવા કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ મળી આવે, તો સિસ્ટમને વધારાની સુરક્ષા તપાસની જરૂર પડશે.

વધુમાં, આ નિયમન ફક્ત ભારત પૂરતું મર્યાદિત નથી. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં, તે આંતરરાષ્ટ્રીય ઓનલાઈન વ્યવહારો પર પણ લાગુ કરવામાં આવશે, જેના કારણે વિદેશમાં કરવામાં આવતી ચુકવણીઓ પણ સંપૂર્ણપણે સુરક્ષિત થઈ જશે.

# ઉત્તરપૂર્વ ભારતનું વિકાસ એન્જિન

## આઠેય રાજ્યો ૧૦-૧૩% ના વિકાસ દરનો કરી રહ્યા છે અનુભવ

નવીદિલ્હી, તા. ૨૪

દેશ અને દુનિયાની વર્તમાન પરિસ્થિતિ પર ચિંતન ચાલુ છે. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ પણ અહીં પોતાના સ્પષ્ટ વિચારો શેર કર્યા. સિંધિયા હાલમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્ર (DoNER) ના વિકાસ મંત્રી અને સંચાર મંત્રી તરીકે સેવા આપે છે. WITT પ્લેટફોર્મ પર રાજપથ થી જનપથ સત્ર દરમિયાન, જ્યોતિરાદિત્ય સિંધિયાએ ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ અંગે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા. તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પૂર્વીય ક્ષેત્ર ભારતનું વિકાસ એન્જિન છે. સરકારનું મિશન ડિજિટલ હાઈવેને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ સાથે જોડવાનું છે. ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં અપાર આર્થિક સંભાવનાઓ છે અને તેને વૈશ્વિક અર્થતંત્ર સાથે સાંકળવામાં આવી રહી છે. જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે ઉત્તર પૂર્વીય ક્ષેત્ર દેશનો એક મહત્વપૂર્ણ પ્રદેશ છે જે છેલ્લા ૬૫ વર્ષથી અવગણવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દા પર સ્પષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે છે. પીએમ મોદી દેશના મુખ્ય પ્રવાહ સાથે ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસને એકીકૃત કરવાના મિશન પર કામ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં વિવિધતા અને સંભાવના છે જે દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.



જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીએ ઘણી વિચાર-વિમર્શ પછી 'અષ્ટલક્ષ્મી' નામનો એક નવો શબ્દ બનાવ્યો અને તેના મિશનને આગળ ધપાવ્યું. તેમણે કહ્યું કે પૂર્વોત્તર ભારતનું વિકાસ એન્જિન બનવું જોઈએ. સિંધિયાએ એમ પણ કહ્યું કે સરકારના મિશનના પરિણામે, છેલ્લા દાયકામાં ભારતનો વિકાસ દર વૈશ્વિક વિકાસ દર કરતાં લગભગ અઢી ગણો ઝડપી રહ્યો છે. જ્યારે વૈશ્વિક વિકાસ દર બે થી ત્રણ ટકા છે, ત્યારે ભારતનો વિકાસ દર સાત થી સાડા સાત ટકા છે. સિંધિયાએ એમ પણ નોંધ્યું હતું કે એ જાણીને આશ્ચર્ય થશે કે છેલ્લા દસ વર્ષમાં પૂર્વોત્તર ક્ષેત્રના તમામ આઠ રાજ્યો દસ થી તેર ટકાના વિકાસ દરે વિકાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ વિકાસ દર દર્શાવે છે કે આપણે વૈશ્વિક ક્ષેત્રમાં કેટલા આગળ છીએ. આ આઠ રાજ્યોના વિકાસ દરે સાબિત કર્યું છે કે તેઓ દેશના વિકાસ એન્જિન છે, અને આ બધું વડા પ્રધાન મોદીના વિઝનને આભારી છે.

તેમણે કહ્યું કે છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન, પૂર્વોત્તરના દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. સિંધિયાએ સમજાવ્યું કે રોડ સેક્ટરમાં, જ્યાં ફક્ત ૧૦,૦૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો હતા, ત્યાં છેલ્લા દાયકામાં ૬૦ ટકાનો વધારો થયો છે. તેવી જ રીતે, ગ્રામીણ વિસ્તારોમાં, ૪૫,૦૦૦ કિલોમીટરના રસ્તાઓનું નિર્માણ થયું છે. તેવી જ રીતે, ૨૦૧૪ માં, નવ એરપોર્ટ હતા, પરંતુ હવે લગભગ ૧૭ છે. તેમણે નોંધ્યું કે બે રાજ્યો, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં કોઈ એરપોર્ટ નહોતા.

આજે, અરુણાચલ પ્રદેશમાં ચાર એરપોર્ટ છે. તેવી જ રીતે, ફક્ત એક રાજ્યની રાજધાની રેલ્વે નેટવર્ક સાથે જોડાયેલી હતી. આજે, ચાર રાજ્યની રાજધાની જોડાયેલી છે. ૨૦૨૭ સુધીમાં, સાત રાજ્યોની રાજધાની રેલ દ્વારા જોડાયેલી હશે.

સિંધિયાએ કહ્યું કે પૂર્વોત્તર રાજ્યોમાં ૮૦,૦૦૦ કરોડના ૧૮ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. આજે, એશિયાનો સૌથી મોટો રોડ બ્રિજ, રેલ-કમ-રોડ બ્રિજ બનાવવામાં આવ્યો છે; આ પહેલાં અકલ્પનીય હતું. આ રીતે, આશરે ૪૫ મિલિયનની વસ્તી ધરાવતા આ પ્રદેશમાં છેલ્લા દસ વર્ષમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું છે. ત્યાંના યુવાનોમાં એક જબરદસ્ત જાગૃતિ આવી છે. ત્યાં સાક્ષરતા દર ૯૦ ટકાથી વધુ છે.

# મોસ્ટ વોન્ટેડ જસવિન્દરની દુબઈમાં ધરપકડ

## NCB દ્વારા રેડ કોર્નર નોટિસ ઈસ્યૂ કર્યા મોસ્ટ વોન્ટેડ ડ્રગ લોર્ડ વિરોધ કાર્યવાહી



UNITED KINGDOM OF GREAT BRITAIN AND NORTHERN IRELAND
PASSPORT
PASSEPORT
Type/Type: P
Code/Code: GBR
Passport No./Passeport No.: 156016507
Surname/Nom (1): SINGH
Given names/Prénoms (2): JASWINDER
Nationality/Nationalité (3): BRITISH CITIZEN
Date of birth/Date de naissance (4): 26 JUL /JUIL 78
Sex/Sexe (5): M
Place of birth/Lieu de naissance (6): BIRMINGHAM
Date of issue/Date de délivrance (7): 03 JUL /JUIL 25
Authority/Autorité (8): HMPO
Date of expiry/Date d'expiration (9): 03 JUL /JUIL 35
P<GBRSINGH<<JASWINDER<<<<<<<<<<<<<<<<<<<<<<<<

નવીદિલ્હી, તા. ૨૪

ભારતના મોસ્ટ વોન્ટેડ ડ્રગ લોર્ડ જસવિંદર ઉર્ફે જાઝની દુબઈમાં ધરપકડ કરવામાં આવી છે. ભારતીય એજન્સીઓ પાસેથી મળેલી માહિતીના આધારે, ઈન્ટરપોલે આ મોટા ડ્રગ સિન્ડિકેટના માસ્ટરમાઇન્ડને પકડી પાડ્યો છે. ગઈઇ એ પહેલાથી જ જાઝ સામે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. જસવિંદર ઉર્ફે જાઝ કથિત રીતે અમેરિકન ગુપ્તચર એજન્સી CIA માટે પણ કામ કરતો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેને ત્રણ દિવસ પહેલા એરપોર્ટથી બહાર નીકળતી વખતે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. આગામી થોડા દિવસોમાં તેને ભારત પ્રત્યાર્પણ કરવાની તૈયારી ચાલી રહી છે, જ્યાં તે એક મોટા નેટવર્કનો ખુલાસો કરી શકે છે.

જસવિંદર ઉર્ફે જાઝ ભારતનું સૌથી મોટું ડ્રગ સિન્ડિકેટ ચલાવે છે. તે લાંબા સમયથી સ્વતંત્ર રીતે તેનું સંચાલન કરી રહ્યો છે. સુરક્ષા એજન્સીઓ ઘણા સમયથી તેને શોધી રહી છે, પરંતુ તે સતત ભાગી જવામાં સફળ રહ્યો છે. આના કારણે સુરક્ષા એજન્સીઓએ ઈન્ટરપોલની મદદ લીધી અને તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરી. પ્રારંભિક માહિતી અનુસાર, તે અમેરિકન ગુપ્તચર એજન્સી CIA માટે કામ કરતો હતો. જો કે, આ વાતની પુષ્ટિ થઈ નથી. આરોપીની ધરપકડ બાદ પૂછપરછ કરવામાં આવશે. ત્યારબાદ જ ખબર પડશે કે ÅT CIA માટે કામ કરતો હતો કે નહીં.

જાઝ મૂળ પંજાબનો છે, પરંતુ તેની પાસે બ્રિટિશ નાગરિકતા પણ છે. તે હાલમાં દુબઈમાં રહેતો હતો. પોલીસે તેને એરપોર્ટ જતા સમયે ધરપકડ કરી હતી.

ધરપકડ બાદ તરત જ, તેને ત્રણ દિવસ માટે કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. આ ત્રણ દિવસમાં તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવી શકે છે, જ્યાં તેની સમગ્ર ડ્રગ વેપાર વિશે પૂછપરછ કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે જાઝની પૂછપરછ કરવાથી સુરક્ષા એજન્સીઓને અનેક સંકેતો મળી શકે છે. ભારતના મોસ્ટ વોન્ટેડ ડ્રગ લોર્ડ, જસવિંદર ઉર્ફે પજાઝથની દુબઈમાં ધરપકડ કરવામાં આવી છે. ભારતીય એજન્સીઓ તરફથી મળેલા ઇનપુટના આધારે, ઈન્ટરપોલે આ મુખ્ય ડ્રગ સિન્ડિકેટના માસ્ટરમાઇન્ડની ધરપકડ કરી છે. જાઝ પાસે બ્રિટિશ નાગરિકતા છે અને તે CIA માટે કામ કરતો હોવાની પણ અફવા છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### આજ્ઞા ચક્ર પર સદગુરૂનું સ્થાન છે! અને આ ચક્ર સાધકનાં શરણાગત ભાવથી સક્રિય થાય છે



આજે ચૈત્રી નવરાત્રી નો સાતમો દિવસ એટલે કે મા નવદુર્ગાના કાલરાત્રિનાં સ્મરણનો મહિમા! કાળ જ્યારે ચારે બાજુથી જકડે ત્યારે મા સિવાય કોઈ સાંત્વના આપી શકે નહીં! એ આ સ્વરૂપનો સંદેશ છે, અને આ સ્વરૂપની ભયાનકતાનું કારણ એ છે કે,તે પોતાનાં આશ્રિતનાં શત્રુનો વિનાશ કરવા કાળથી પણ ભયાનક સ્વરૂપ ધારણ કરે છે. પરંતુ સાંપ્રત સમયને જોતાં એવું લાગે કે દરેકને માથે કોઈ ને કોઈ રુપે કાળ તલવાર લઈને ઝળુંબી રહ્યો છે! પણ એક સહજ પ્રશ્ન એ પણ થાય કે, કાળની આટલી ભયાનકતા આવી કેમ? અને જવાબ માટે વિશે સુક્ષ્મ ચિંતન કરીએ તો શીખ, શિખામણ, આજ્ઞા, એ બધા શબ્દ હવે શબ્દકોશમાં જ રહી જશે એવું લાગે છે. કારણ કે માત્ર આપણો દેશ નહીં વિશ્વ આખું અત્યારે દિશાહીન જીવન જીવી રહ્યું છે. સુખ નામનો પડછાયો પકડવા એની પાછળ એટલું દોડ્યાં કે હવે ખુદ સ્વયંને પાછળ મૂકી દીધાં છે, એનો ખ્યાલ જ ન રહ્યો! અને આ ભોગે એવો ભરડો લીધો, કે રોગ રોગ અને રોગ સમાજમાં જ્યાં જુઓ ત્યાં નિતનવા રોગ વિશે સાંભળવા મળે છે. લગભગ દરેક જણ એમ બોલતું હશે કે આ કળિયુગની અસર છે! પણ કળિયુગ લાવ્યું કોણ? માત્ર ને માત્ર આપણે! એ સિવાય કળિયુગનો આટલો વિસ્તાર વધે નહીં. આપણે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, હૃદય ચક્ર અને વિશુદ્ધ ચક્રની પુષ્ટિ કઈ રીતે થઈ શકે, અથવા તો તેને સક્રિય કરી ઊર્જાને સ્પંદિત કરી ઉપર ઉઠાવવાની વાત કરી હતી, ત્યારે મૂલાધાર પર ધીરજ ધરવી, સ્વાધિષ્ઠાન પર સ્વયં પર ધ્યાન કેન્દ્રિત કરી પોતે પશુ નહીં પણ માનવ છે, એની સહજ સમજ કેળવવા સંયમી બનવું. હૃદય ચક્રમાં પોતે એક જ નહીં, પણ અન્ય માટે પણ એનું હૃદય ધડકવું જોઈએ! માટે જીવને અહમ આગ્રહ અને અપેક્ષા ઉપેક્ષા છોડવા તૈયાર કર્યો! અને આમ માત્ર સિદ્ધી નહીં પણ સાથે સાથે શુદ્ધિનું મહત્વ પણ ટાંક્યું! મનુષ્યના સ્થૂળ શરીરને પોષણ આપવા માટે મુખ દ્વારા ખોરાક અંદર જાય, અને નીચેની તરફ એટલે કે ગળામાંથી થઈને જઠરમાં પહોંચે છે. જીભના બે મુખ્ય કામ છે એક સ્વાદ, અને બીજું વાણી પ્રસારણ, અને આ બંને કાર્ય જો સંયમપૂર્વક કરવામાં આવે તો જ નીચેના ચક્રો સંતુલિત માત્રામાં સક્રિય રહે. આ ચક્ર જાગરણની વાતમાં કટી ભાગથી નીચેના ભાગનું કોઈ એટલું મહત્વ દર્શાવાયું નથી અને ત્યાં કોઈ ચક્રો પણ બતાવ્યા નથી!: પરંતુ આપણે આજે જે છઠ્ઠા ચક્રની વાત કરવાના છીએ એમાં આ બે ચરણનું આચરણ જો સદગુરુની આજ્ઞા મુજબ કે આપણા વૈદિક શાસ્ત્રોમાં લખાયા મુજબ મનુષ્ય એટલે કે માનવીએ કંઈ રીતે જીવવું, એ મુજબ હોય તો જ આ આજ્ઞા ચક્ર સક્રિય થાય! તો ચાલો જોઈએ આજ્ઞા ચક્રની શાસ્ત્રીય વાતો.

આજ્ઞા ચક્ર શરીરનું હિન્દુ પરંપરા મુજબ છઠ્ઠું ચક્ર છે, અને અચેતન મનની સ્થિતિ દર્શાવે છે, એટલે મનની પોતાની જાત માટે કોઈ માંગ રહેતી નથી, અને કહેવાય છે, આટલાં જાગરણ પછી સાધકને ત્રીજી આંખ સમજણની આંખ પ્રાપ્ત થાય છે, અને એ તેને પોતાનાં અંતર્જ્ઞાન સાથે જોડવાં, તેમજ વિશ્વ સાથે વાતચીત કરવાની ક્ષમતા આપવાં મદદ કરે છે. જો આ ચક્ર સંતુલિત રીતે સક્રિય થયું હોય તો ભવિષ્યના સંદેશાઓ પણ ઝીલાય છે.

આજ્ઞા ચક્રનું સ્થાન બે ભમરની વચ્ચે કપાળની મધ્યમાં સ્થિત છે, તે સક્રિય થતાં છઠ્ઠી ઈન્દ્રિય જાગી ગઈ એમ પણ કહેવાય છે. તેનો બીજ મંત્ર ઓમ છે, અથવા 'પ્રણવ ઓમ', સર્વોચ્ચ ધ્વનિ. જે ભૌતિક શરીરનો ભાગ નથી, પરંતુ પ્રાણિક પ્રણાલીનો ભાગ માનવામાં આવે છે, એટલે બ્રહ્માંડ ની ઉત્પત્તિ આ નાદ બ્રહ્મ દ્વારા થઈ હતી! જેને ગોડ પાર્ટિકલ પણ કહે છે. આ સ્થાનને સાધક જેની શરણાગતિ સ્વીકારી છે, એવાં સદગુરુ માટે એક પવિત્ર સ્થળ બનાવે છે, જ્યાં હિન્દુઓ તેના માટે આદર દર્શાવતાં તિલક બિંદી લગાવે છે.

આજ્ઞા ચક્રને નસ્રબે પાંખડીઓના હીરા જેવા કમળ તરીકે વર્ણવવામાં આવ્યું છે, જેની અધ્યક્ષતા હંસા દેવતા અને સુષુમ્ણા શક્તિ છે. એવું કહેવાય છે કે, તે ઇડા અને પિંગલાનું પ્રતિનિધિત્વ કરે છે, જે મુગટ ચક્ર, સહસ્રારમાં ઉગતા પહેલા મધ્ય સુષુમ્ણા નાડીને મળે છે. કમળની ડાબી પાંખડી પર અક્ષર 'હમ' (૯) સફેદ રંગમાં લખાયેલ છે, અને એ શિવનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે અક્ષર નસ્રક્ષમસ્રસ્ર (ખ૭) જમણી પાંખડી પર સફેદ રંગમાં લખાયેલ છે અને શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે.

આ વિશિષ્ટ કમળની અંદર હાકિની શક્તિ છે. તેને સફેદ ચંદ્ર, છ ચહેરા અને છ હાથમાં જુદા જુદા આયુધ અને પુસ્તક ધરાવે, જે વરદાન આપતી અને ભયને દૂર કરતી મુદ્રામાં છે. તેના ઉપરથી નીચે તરફ નિર્દેશિત ત્રિકોણમાં સફેદ લિંગ છે. આ ત્રિકોણ, કમળના ફૂલ સાથે, શરણાગતનાં શાણપણનું પ્રતિનિધિત્વ કરે છે.

'આજ્ઞા ચક્રમા રહેલી શક્તિને ક્રિયાન્વીત કરવા માટે, સાધક શિષ્ય સદગુરુની આજ્ઞાને મહત્વ આપી તેને અનુસરે છે. તેને અંતર્જ્ઞાન અને બુદ્ધિની આંખ તરીકે ગણવામાં આવે છે. જ્યારે ધ્યાનમાં મનની આંખમાં, અથવા સ્વપનમાં કંઈક દેખાય છે, ત્યારે તે ગુરુ આજ્ઞા દ્વારા પજોઈ રહ્યું છેથ. અહીં એક સેતુ છે, જે સદગુરને શિષ્ય સાથે જોડે છે, જેનાથી સાધક શિષ્ય વચ્ચે મૌનમાં પણ સંચાર થાય છે. આજ્ઞા સાથે સંકળાયેલ સાધક શિષ્યનું ઈન્દ્રિય અંગ અને ક્રિયા અંગ એ સદગુરુનું અકળ મન છે, જેને આ સ્થાન પર સ્થિર કરી, સાધક શિષ્ય સદગુરુના જ્ઞાનનો માત્ર શરણાગત બની લાભ મેળવે છે. આપણે ન જોયેલાં માર્ગ પર કોઈનું સરનામું શોધતાં હોઈએ, તો એક બે જણને પૂછી લેતા હોઈએ છીએ, અને આપણને એમાં કોઈ તકલીફ પણ પડતી નથી, એણે દર્શાવેલ માર્ગ પર જવાથી એ સ્થાને પહોંચી પણ જવાય છે. પરંતુ રામ અને કૃષ્ણ જેવા અવતારો એ સામાન્ય માનવી એ મુજબ જીવી ચરિત્ર નિર્માણ કરી શકે, એવી જે ચરિત્ર લીલાઓ કરી છે, એને આપણે અનુસરી શકતા નથી! એ તો દૂરનું થયું છોડો! પરંતુ આપણા જ વડીલો આપણને શીખ, શિખામણ, કે આજ્ઞા આપે, તો આપણી બૌદ્ધિકતા એટલી વધી ગઈ છે કે, આપણે એને વગર પ્રશ્ને અનુસરી શકતા નથી! કોઈ કોઈ જ એવા હોય છે, માટે એને વિશેષણ સાથે સંબોધન કરવામાં આવે છે, કે આજ્ઞાકારી દીકરો આજ્ઞાકારી દીકરી, કે પછી આજ્ઞાંકિત પૂત્રવધૂ, પતિ પત્ની! આવું આપણે સહજ બોલતા હોઈએ છીએ. ટૂંકમાં આપણને જ્યાં ખબર ન પડતી હોય ત્યાં કોઈની આજ્ઞા સિરોધર કરવાથી ઘણીવાર બહુ મોટા લાભ પ્રાપ્ત થાય છે. આપણાં સુખ માટે કે પછી અહમ આગ્રહ માટે કે પછી શ્રેષ્ઠ સાબિત કરવાં કે પછી, સત્તા માટે આપણે જ સમયનું અવમૂલ્યન કર્યું! તો હવે આપણે જ આ બધું ઠીક કરવું પડશે! આપણાં દ્વારા સ્વીકારેલ નાના ફેરફારો પણ યુગ પરિવર્તન માટે બહુ મોટું પરિણામ આપે છે, એ યાદ રાખી, જ્ઞાનનાં એ વિદ્યુત પ્રવાહની અનુભૂતિ કરવાં સદગુરુ આપણને આજ સુધી જે બોધ આપ્યો છે, એ મુજબ જીવીને વિશ્વ શાંતિ માટે એક આહવાન આપીએ. જય ભવાની.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગેરકાયદે નાણા ધીરનાર સામે પોલીસની જનસંપર્ક સભામાં

# વ્યાજના વિષચક્રમાં ફસાયેલા રડી પડ્યા !

## અરજદારોએ કહ્યું અમારી જમીન, મકાન વેચાઈ ગયા, પોલીસને ફરિયાદ કરીએ છીએ છતાં કોઈ પરિણામ નહિ ?














રાજકોટ, તા. ૨૪

શહેરમાં અનેક નબળા લોકો વ્યાજના વિષચક્રમાં ફસાઈ ગયા છે. મજબુરીથી વ્યાજે રૂપિયા લીધા બાદ વ્યાજખોરોનો ત્રાસ અસહ્ય બન્યો હોવાની ફરિયાદો હલ કરવા પોલીસ પ્રયાસ કરે છે પણ મોટેભાગે ફરિયાદો કાગળ પર જ રહી જતી હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. ભૂતકાળમાં અનેક વખત પોલીસે લોકદરબાર યોજીને વ્યાજના અજગર ભરડામાં આવી ગયેલા લોકોને ઉગારવા પ્રયાસો કર્યા છે, ઘણા અરજદારોના સમાધાન કરાવીને વ્યાજની ચુંગાલમાંથી બતાવ્યા છે. વ્યાજખોરોએન જેલભેગા પણ કર્યા છે છતાં શહેરમાં વ્યાજખોરી સદંતર ડામી શકાતી નથી તે પણ દેખીતું હોવાના જાગૃત લોકો આક્ષેપ કરે છે.

બીજીબાજુ આજે ગેરકાયદે નાણા ધીરનાર વ્યાજખોરો સામે પોલીસ કમિશ્નર દ્વારા જનસંપર્ક સભાનું આયોજન કરાયું હતું. વ્યાજંકવાદમાં ફસાયેલા ઘણા લોકોએ પોતપોતાની આપવીતી પોલીસને સંભળાવી હતી.

વ્યાજખોરીથી બચવા રજુઆતો કરનાર અરજદારોને પોલીસે અત્યારે આશ્વાસન આપીને ફરિયાદ કરવા અનૂરોધ કર્યો હતો પણ ફરિયાદ કરીને વધુ હેરાનગતી અને ત્રાસ ભોગવવાનો વારો આવે તો પોલીસ શું કરશે ? તેવા સવાલો અરજદારોએ કર્યા હતા. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ વ્યાજખોરો દ્વારા ધાકધમકી કે ત્રાસ અપાતો હોય તો આગળ આવીને ફરિયાદ કરવા અનુરોધ કર્યો હતો.

ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા દ્વારા પણ વ્યાજખોરીનો ભોગ બનેલા લોકો જે તે લાગુ પડતા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તાત્કાલિક અરજી આપે અથવા તો ક્રાઈમ બ્રાંચનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે પોલીસની જનસંપર્ક સભામાં ઘણા પુરુષ-મહિલા અરજદારો, અમારો પરિવાર વિખેરાઈ ગયો છે, હવે વ્યાજખોરોના ત્રાસથી જીવી શકીએ તેમ નથી, ૪૫-૪૫ દિવસ થયા અરજી કરી તોય પોલીસ ધ્યાન નથી આપતી તેવા આક્ષેપો કરીને રીતસરના રડી પડ્યા હતા. આજની પોલીસની અરજદારોની સભામાં એટલા લોકો ઉમટી પડ્યા હતા કે પ્રથમ દ્રષ્ટીએ કોઈ મેડીકલ કેમ્પ હોવાનો અહેસાસ થયો હતો. ખુદ પોલીસે અરજદારોની મોટી સંખ્યા જોઈને વ્યાજખોરી ડામવા કડક અભિયાન છેડવું પડે તેવો તાલ સર્જાયો હતો. જો કે, આજની જનસંપર્ક સભામાં કેટલા લોકોને ન્યાય મળશે ? તે તો સમય જ બતાવશે !

મોટા ભાઈના પ્રેમપ્રકરણને કારણે નાના ભાઈને સહન કરવું પડ્યું

# રામના પ્રેમપ્રકરણને લીધે નાના ભાઈ શ્યામનું અપહરણ

## સરધારના નવાગામનો બનાવઃ યુવાનને યુવતિના પિતા સહિત પાંચ જણા કારમાં નાંખી લઇ ગયાઃ કલાકો સુધી જુદા જુદા ગામમાં ફેરવી માર મારી ધમકીઓ દઈ છેલ્લે છોડી મુક્યોઃ આજીડેમ પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ,તા.૨૪

અનેક એવા પ્રેમપ્રકરણ હોય છે જેમાં મોટી માથાકુટ થતી હોય છે. આવા જ એક પ્રકરણમાં સરધારના નવાગામમાં રહેતો બાવીસ વર્ષનો રામ નામનો યુવાન કચ્છની યુવતિ સાથે પોતાને પ્રેમ હોઇ તેણીને ભગાડી જતાં આ યુવતિના પિતા સહિતના પરિવારજનોએ નવાગામ ખાતે આવી રામ ન મળતાં તેના નાના ભાઇ શ્યામને ધોલધપાટ કરી કારમાં નાંખી ઉઠાવી લીધો હતો. અલગ અલગ ગામોમાં ફેરવ્યા બાદ મારકુટ કરી ધમકીઓ દઇ છેલ્લે છોડી મુકતાં પરિવારે હાશકારો લીધો હતો. આજીડેમ પોલીસ સુધી પ્રકરણ પહોંચતા ગુનો દાખલ કરાયો હતો.



વિગતો પર નજર કરીએ તો નવાગામનો રામ નામનો યુવાન ગત બાવીસમીએ કચ્છની યુવતિ સાથે ગૂમ થઇ ગયો હતો. આ કારણે યુવતિના પિતા સહિતના પાંચ શખ્સોએ નવાગામ ખાતે આ યુવાનના ઘરે આવી તેના નાના ભાઇને ગાળો દઇ લાફા મારી કારમાં ઉઠાવી લઇ અલગ અલગ ગામમાં ફેરવી બેફામ ગાળો દઇ આખા પરિવારને મારી નાંખવાની ધમકી આપ્યા બાદ છોડી મુકતાં તેણે ફરિયાદ દાખલ કરાવી છે. આ બનાવમાં આજીડેમ પોલીસે સરધાર પાસેના નવાગામમાં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં શ્યામ મુકેશભાઇ છૈયાની ફરિયાદ પરથી કચ્છ રહેતાં ઇશ્વરભાઇ, તેની સાથેના મૌલિક, વિવેક અને બે અજાણ્યા શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી હતી.

બાવીસ વર્ષના શ્યામ છૈયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પરીવારમાં પિતા મુકેશભાઈ, માતા શોભનાબેન, દાદી દેવકુબેનસાથે રહુ છું. મારાથી મોટો ભાઈ રામભાઈ છે અને તે પણ બાવીસ વર્ષનો છે. તા. ૨૨/૦૩/૨૬ના રોજ સવારના આઠેક વાગ્યે મારા મોટા ભાઈ રામભાઈ ગાડીનો ફેરો લઈ ઘરેથી નીકળેલ હતા અને પરત ઘરે આવેલ ન હતા. મારા પિતાજીને આ બાબતે જાણ થયેલ હતી કે મારા મોટાભાઈ રામભાઈ કચ્છમાં રહેતા ઈશ્વરભાઈની દીકરી સાથે પ્રેમસંબંધ હોઇ જેથી તેઓ બંને ઘરથી ક્યાંક નીકળી ગયેલ હતા.

જેથી અમો તેમને બે દિવસથી શોધતા હતા. દરમિયાન ૨૩/૦૩/૨૦૨૬ ના રાત્રીના આશરે સાડા-આઠેક વાગ્યાની આસપાસ હું તથા મારા માતા અને દાદી અમારા ઘરે હતા અને મારા પિતાજી કામથી બહાર ગયેલ હતા તેવામાં એક સફેદ કલરની ફોરવ્હીલર સ્વીટ કાર અમારા ઘરની સામે આવી ઉભી રહેલ અને તેમાંથી પાંચક શખ્સો ઉતર્યા હતાં. અમારા ઘરના દરવાજો ખખડાવા લાગેલ જેથી હું બહાર ગયેલ અને જોયુ તો તેમાં ઈશ્વરભાઈ, મૌલીક, વિવેક તથા તેમની સાથે બે અજાણ્યા શખ્સો હતાં. જેથી મેં તમારે કોનુ કામ છે? પુછતો આ અજાણ્યામાંથી એકે મને બાજુમાં બોલાવેલ અને મને ગાળો દઇ પુછેલુ કે તારો ભાઈ કર્યા છે બોલ. આમ કહી મારી સાથે ઝપાઝપી કરી મને લાફા મારી દીધા હતાં.

દેકારો થતા મારી માતા તથા મારા દાદી ઘરમાંથી બહાર આવતા આ પાંચેય મને પકડીને બળજબરી પૂર્વક તેની સ્વીટ કારમાં બેસાડી દીધો હતો. મારા માતા-દાદીએ આ લોકોને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પણ પાંચેય રોકાયા નહોતાં. કારમાં મને આ પાંચેય જેમ-ફાવે તેમ મને ગાળો બોલતા હતા અને મને તથા મારા પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. મને ઘરેથી ઉઠાવી રાજપરા ગામ થઈ નારણકા ગામથી લોઠડા ગામ થઈ ખોખડદડ ગામે શુભ ચોકડીએ લઈ ગયા હતાં. બાદમાં આ પાંચેય મને કહેવા લાગેલ કે તારા ભાઈના મિત્ર રાહુલના ઘરે લઈ જા. જેથી હું રાહુલના ઘરે લઈ જતા તેનું ઘર બંધ હતું. આથી મને ત્યાંથી ફરી કારમાં બેસાડી પરત સરધાર ગામ થી નવાગામ જતા રસ્તે લાવ્યા હતાં. ત્યારે ઈશ્વરભાઇએ મને મારા ફોનમાંથી મારા પિતાને ફોન કરવાનું કહેતાં મેં ફોન કર્યો હતો.

તેણે મારા પિતા સાથે ફોનમાં વાત કરી મને ત્યાં ઉતારી દીધો હતો. ત્યારે મે કારના નંબર જોતાં તેના નંબર જીજે૧૨ડીએમ-૧૭૨૦ હતાં. આ બધા નીકળી ગયા બાદ મારા પિતાજીને ફોન કરતા તે તથા અમારા ગામના સરપંચ રમેશભાઈ કરમણભાઈ જળુ તથા પાડોશી લાલાભાઈ કાળુભાઈ ડાંગર આવી ગયેલ અને મારા પિતાજીએ ૧૧૨માં ફોન કરતાં પોલીસ આવી ગઇ હતી. બાદમાં અમે પોલીસ ચોકી નજીક હતી. મારા મોટાભાઈ રામભાઈ તથા ઈશ્વરભાઈની દીકરી વચ્ચે પ્રેમસંબંધ હોઇ તે ગૂમ થઇ ગયા હોઇ તેનો ખાર રાખી ઇશ્વરભાઇ સહિતે મારુ અપહરણ કરી ગાળોદ દઇ માર મારી મારા આખા હતી. તેમ વધુમાં શ્યામે જણાવતાં પોલીસ ઇન્સપેકટર અશોકસિંહ બી. જાડેજાના માર્ગદર્શનમાં પીએસઆઇ વી. એમ. બરાડીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

## સેન્ટીંગ કામ વખતે પડી જતાં યુપીના મજૂરનું મોત

### કોઠારીયા નાકા પાસે બનાવથી પરિવારમાં શોક

રાજકોટઃ સેન્ટીંગ કામ કરતી વખતે પડી જવાથી એક મજૂરનું મોત થયું છે. કોઠારીયા નાકા નજીક સાત દિવસ પહેલા સેન્ટીંગ કામ કરતી વખતે છત પરથી પડી જતાં યુવાનને ઇજા થઇ હતી. તેનું સારવારમાં મૃત્યુ થયું છે.

માહિતી અનુસાર મુળ ઉત્તરપ્રદેશનો વતની મુકેશ શીવપૂજન નિશાદ નામનો છવ્વીસ વર્ષનો યુવાન ગત અઢારમી તારીખના રોજ સાંજે પાંચેક વાગ્યે કોઠારીયા નાકા પોલીસ ચોકી નજીક છત પર સેન્ટીંગ કામ કરતો હતો ત્યારે પાણીમાંથી વિજકરંટનો ઝાટકો આવતાં તે નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં સિવિલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ આજે મૃત્યુ થયું હતું. મૃતકના લગ્ન દોઢ વર્ષ પહેલા જ થયા હતાં. તે છ ભાઇ અને એક બહેનમાં ત્રીજો હતો. એ-ડિવીઝન પોલીસે આ બનાવમાં જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

### મોટા ભાગે નાની રકમ ગઇ હોઇ બાર લોકોએ તો ફરિયાદ પણ નોંધાવવાની ટાળ્યું હતું

# રિક્ષાગેંગની ત્રિપુટીએ તેર ગુના કબુલ્યા

## આજીડેમ પોલીસે ઝડપેલી ત્રિપુટી મુસાફરને બેસાડી ઉલ્ટી ઉબકાનું નાટક કરી રોકડ ચોરી લઇ ભાડુ લીધા વગર મુસાફરને ઉતારી ભાગી જતાં: ચોથા આરોપીનું નામ ખુલતાં શોધખોળ

રાજકોટ,તા.૨૪

વારંવાર શહેરમાં રિક્ષાગેંગ મુસાફરોને રિક્ષામાં બેસાડી શીકાર કરી લે છે. એક ગેંગને પોલીસ પકડે ત્યાં બીજી નવી ગેંગ કે પછી જેલમાંથી છુટી ગયેલી જુની ગેંગ ફરીથી સક્રિય થઇ જાય છે. આ વચ્ચે આજીડેમ પોલીસે રિક્ષાગેંગ ત્રિપુટીને ઝડપી લેતાં નોંધાયેલો એક અને નહિ નોંધાયેલા બાર મળી કુલ તેર ગુના ઉકેલાયા છે. ત્રણ શખ્સો ઝડપયા છે અને ચોથાની શોધખોળ થઇ રહી છે. આ ચારેયની ટોળકીએ મળી દોઢથી બે મહિનામાં રાજકોટથી શાપર આસપાસ મુસાફરોને રિક્ષામાં બેસાડી રોકડ ચોરી લઇ ઉતારી મુકવાના તેર ગુના આચર્યા હતાં. ઝડપાયેલા શખ્સો પાસેથી રોકડ, રિક્ષા કબ્જે કરાયા છે. જેમાં બે આરોપી ઝુપડપટ્ટીમાં રહે છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં મુસાફરોને રિક્ષામાં બેસાડી ઉલ્ટી ઉબકાનું ધક્કામુક્કીનું નાટક કરી જે તે મુસાફરના ખિસ્સામાંથી રોકડ રકમ સેરવી લઇ બાદમાં બહાનુ કરી તેને ભાડુ લીધા વગર ઉતારી મુકી નાસી જતી રિક્ષાગેંગનો આજીડેમ પોલીસે પર્દાફાશ કરી ત્રણ શખ્સોને ઝડપી લીધા છે. આ ત્રણેયએ દોઢથી બે મહિનામાં ૧૩ ગુના આચર્યાની કબુલાત આપી છે. જો કે આ પૈકી એક જ ગુનો દાખલ થયો હતો. જે આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. બાકીના ભોગ બનેલા બાર લોકોએ નાની રકમ ગઇ હોઇ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. રીક્ષામાં મુસાફરોની નજર ચુકવી નાણાં ચોરતી ગેંગ સક્રિય થઈ હોવાની ઘટના સામે આવી હતી.



આ કારણે આજીડેમ પોલીસ હરકતમાં આવી હતી. ગત ઓગણીસમીએ ૧૫૦ રીંગ રોડ સરસ્વતીનગરમાં રહેતો એક યુવાન ગોંડલ ચોકડીથી માર્કેટિંગ યાર્ડ ખાતે શાકભાજી લેવા જવા રીક્ષામાં બેઠો હતો. ત્યારે રીક્ષામાં સવાર શખ્સોએ ઉલ્ટી કરવાના બહાને ધક્કામુક્કી કરી ફરિયાદીના ખિસ્સામાંથી ૧૯,૦૦૦ સેરવી લીધા હતા. આ બાબતે આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાતા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. જાડેજા અને સર્વેલન્સ સ્કોડની ટીમે અલગ-અલગ ટીમો બનાવી બાતમીદારોને સક્રિય કર્યા હતા. તપાસ દરમિયાન હેડ કોન્સ્ટેબલ ભરતભાઇ જોગીયા અને કોન્સ્ટેબલ ગોપાલભાઇ બોળીયાને મળેલી ચોક્કસ બાતમી મળી હતી.

આ બાતમી આધારે પોલીસે ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓએ પોતાના નામ રામ ઉર્ફે લાલો બચુભાઇ લાકડીયા (ઉ.વ. ૨૨, રહે. ગોંડલ રોડ ચોકડી પાસે ટ્રુ વેલ્યુના શો રૂમ પાસે ઝૂપડપટ્ટી, મુળ મોરબી વોંકળા વિસ્તાર), સંજય વિઠ્ઠલભાઇ પરમાર (ઉ.વ. ૨૦, રહે. ગધીવાડ કનૈયા ચોક ખોડીયાર ડેરી સામે, કરણાભાઇના મકાનમાં કોઠારીયા રોડ, મુળ ગામ હરિપર તરવડા તા. લોધીકા) અને શૈલેષ જીવાભાઇ ભરવાડીયા (ઉ.વ. ૩૫, રહે. ગોંડલ રોડ ચોકડી ટ્રુ વેલ્યુના શો રૂમ પાસે ઝૂપડામાં) જણાવ્યા હતાં.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂા. ૩૮,૫૦૦ અને ગુનામાં વપરાયેલી ૫૦,૦૦૦ની કિંમતની બજાજ સીએનજી રીક્ષા મળી કુલ રૂા. ૮૮,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. હજુ આ ગેંગનો એક સાગરીત ફરાર હોય તેની શોધખોળ ચાલુ છે. પોલીસની આકરી પૂછપરછમાં આ ટોળકીએ માત્ર એક નહીં પરંતુ છેલ્લા દોઢ બે મહિનામાં બીજા ૧૨ ગુના પણ આચર્યાનું કબુલ્યું હતું. જેમાં રાજકોટ, મોરબી, વાંકાનેર અને શાપર જેવા વિસ્તારોમાં આચરેલા ગુનાઓની કબુલાત કરી છે. આરોપીઓએ ગ્રીનલેન્ડ ચોકડી, આજીડેમ ચોકડી, મેટોડા જીઆઇડીસી અને મોરબી-ટંકારા રોડ પર મુસાફરોને રીક્ષામાં બેસાડી નજર ચૂકવી કુલ ૧૫૦૦થી લઇ ૬ હજાર સુધીની રકમ મળી ૧૨ મુસાફરોના કુલ ૪૪,૦૦૦થી વધુ રોકડા ચોરી કર્યા હોવાનું સ્વીકાર્યુ હતું.

આ ટોળકી મુખ્યત્વે ઉલ્ટી થતી હોવાનું નાટક કરી પેસેન્જરનું ધ્યાન ભટકાવતી અને રોકડ સેરવી મુસાફરને ઉતારી મુકવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. જો કે આ તેર પૈકી એક જ ગુનો દાખલ થયો હતો. બાકીના મુસાફરોએ ફરિયાદ દાખલ કરાવી નહોતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અનુસાર પીઆઇ એ.બી. જાડેજા, પીએસઆઇ એસ.વી. ગોહિલ, એ.એસ.આઇ. રવિભાઇ વાંક, હેડકોન્સ. સંજયરાજભાઇ બારોટ, પિયુષભાઈ ચિરોડીયા, હરપાલસિંહ જાડેજા, દેવાંગભાઇ પાલા, ભરતભાઇ જોગીયા, હિતેષભાઇ અગ્રાવત તથા કોન્સ્ટેબલ પ્રદીપસિંહ ગોહીલ, ગોપાલભાઈ બોળીયા, મહેશભાઇ કોઠીવાળ, વિરેન્દ્રસિંહ જાડેજા અને વિશ્વરાજસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

આ ચારેયએ મળી ગ્રીનલેન્ડ ચોકડીથી આજીડેમ અને કુવાડવા વચ્ચે અલગ-અલગ સમયે ત્રણ પેસેન્જરો પાસેથી અનુક્રમે ૧,૫૦૦, ૨,૫૦૦ અને ૩,૦૦૦ની ચોરી કરી હતી. રાજકોટથી મોરબી જતા રસ્તામાં માળીયા અને વિધી કાટક પાસે બે મુસાફરો પાસેથી કુલ ૧૩,૦૦૦ સેરવી લીધા હતા. મોરબી-ટંકારા રોડ અને વાંકાનેર પાસે મુસાફરોને બેસાડી કુલ ૮,૦૦૦ની મતા ચોરી હતી. ગોંડલ ચોકડીથી શાપર અને આજીડેમ વચ્ચેના રસ્તે ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં કુલ ૯,૫૦૦ની ચોરી કરી હતી. મેટોડા પાસે એક પેસેન્જર પાસેથી ૩,૫૦૦ અને હુડકો ચોકડીથી શાપર વચ્ચે અન્ય એક વ્યક્તિ પાસેથી ૬,૦૦૦ની ચોરી કરી હોવાની કબૂલાત આપી છે. આજીડેમ ચોકડીથી બસ સ્ટેશન વચ્ચે પણ એક પેસેન્જરના ૩,૫૦૦ સેરવી લીધા હતા. જો કે બાર ગુનામાં ભોગ બનનારે ફરિયાદ નોંધાવી નહોતી.

---

### પેઢી-કંપનીઓના શેઠ સંચાલકોને ઘણીવાર કર્મચારી પરનો વિશ્વાસ પડે છે ભારે

# ચાલીસ લાખ ઉસેડી ક્લાર્ક રફૂચક્કર

## ચાર વર્ષથી નોકરી કરતાં શખ્સને નાણા લેવા મોકલ્યો પછી પાછો જ ન આવ્યો:

## બીજી ઘટનામાં વર્ક પરમીટ વિઝાના નામે મહિલા સહિત ત્રણને સોળ લાખનો ચૂનો

રાજકોટ,તા.૨૪

છેતરપીંડી અટકતી જ નથી. વધુ એક ઠગાઇ થઇ છે જેમાં કાપડના વેપારીને ચાલીસ લાખનો ચૂનો લગાવી દેવાયો છે. આ વેપારીને છેતરી જનાર બીજો કોઇ નહિ પણ તેને ત્યાં જ ક્લાર્ક તરીકે નોકરી કરતો શખ્સ છે. વેપારીએ ઉઘરાણીના કામ માટે આ શખ્સને નોકરીએ રાખ્યોહ તો. જે ચાર વર્ષનો વિશ્વાસ તોડીને ઉઘરાણીના નાણા લઇ ભાગી ગયો હતો. બીજી તરફ વિદેશના વર્ક વીઝાના બહાને વધુ એક ઠગાઇ થઇ છે. જેમાં એક મહિલા સહિત ત્રણ લોકોએ સોળ લાખ ગુમાવ્યા છે.




પ્રથમ ઘટના જોઇએ તો સુરત પુણા વિસ્તારમાં આવેલી શિવશક્તિ માર્કટના વેપારી સાથે ઉઘરાણી કલાર્ક રૂ. ૪૦ લાખ લઇને નાસી ગયાનો બનાવ પોલીસ મથકે નોંધાયો છે. છેલ્લા ચાર વર્ષથી નોકરી કરતો ક્લાર્ક આંગડિયા પેઢીમાંથી રોકડા રૂપિયા લઇને નાસી ગયો હતો. બનાવની પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, પરવત પાટીયા માધવબાગ સામે આવેલા વ્રજભુમિ એપાર્ટમેન્ટમાં રહેતા રાકેશભાઇ કનૈયાલાલ રાઠી પુણા વિસ્તારમાં આવેલી શિવશક્તિ માર્કેટમાં કાપડની દુકાન ધરાવે છે. તેમની દુકાનમાં છેલ્લા ચાર વર્ષથી ઉઘરાણી ક્લાર્ક તરીકે મહેન્દ્રસિંગ સ્વરૂપસિંગ જે હાલ સુરત રહે છે અને મુળ રાજસ્થાનનો છે તે નોકરી કરતો હતો. થોડા દિવસ પહેલા બે આંગડિયા પેઢીમાં આવેલા રૂપિયા લેવા માટે વેપારીએ મહેન્દ્રસિંગને મોકલ્યો હતો. આ આંગડિયા પેઢીમાંથી તેણે રૂ. ૪૦ લાખ રોકડા લીધા હતા. આ રૂપિયા લીધા બાદ રાત સુધી તે પરત નહીં આવતા માલિક રાકેશભાઇએ કોલ કર્યો હતો પણ તેનો મોબાઇલ ફોન બંધ આ?વતો હતો. જ્યારે તપાસ કરતા તેને ઉઘરાણી માટે આપેલી બાઇક પણ પાર્કિંગમાં પડી હતી. આખરે મહેન્દ્રસિંગ રૂપિયા લઇને નાસી ગયાનો અહેસાસ થતા રાકેશભાઇએ પુણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહેન્દ્રસિંગ સામે ઉચાપતનો ગુનો નોંધી તપાસ આદરી હતી. અગાઉ પણ આ રીતે પેઢીના કર્મચારીઓ જે તે માલિક, સંચાલકને આ રીતે લાખોનો ચૂનો લગાવી ભાગી ગયાના બનાવો બન્યા હતાં.

બીજી ફ્રોડની ઘટના અમદાવાદમાં બની છે. મુંબઈના એરકેન ઓવરસીસના બે ભાગીદાર અને મૅનેજરે ૬ ગ્રાહકને ફિનલેન્ડ અને બોયિયાના વર્ક વિઝા અપાવવાના બહાને સોળ લાખ લીધા હતા. ત્રણથી ચાર મહિનામાં સો ટકા વિઝા અપાવવાની બાંહેધરી આપી હોવા છતાં દોઢ વર્ષ પછી પણ વિઝા આવ્યા નહોતા. આથી ઘાટલોડિયા પોલીસે કંપનીની મહિલા સહિત બે ભાગીદાર અને મૅનેજર સાથે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. નારણપુરાના વિઝા સલાહકાર દેવાંગ ઉપાધ્યાયે મુંબઈની વિઝા કન્સલ્ટન્ટી આરકેન ઓવરસીસના માલિક સોનાલી ચંદાણી, દિશાંત મણિયાર અને મૅનેજર રાફેલ રાજપૂત સાથે વિઝા માટે વાત કરી હતી. ત્રણેયે ત્રણથી ચાર મહિનામાં વર્ક પરમીટ વિઝા અપાવવાની વાત કરીને વિઝાની કૉપી બતાવી હતી. આથી દેવાંગભાઈએ તેમના ૬ ગ્રાહકના વિઝાની ફાઈલ આપી હતી સાથે જ સોળ લાખ આપ્યા હતા. જોકે દોઢ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં દેવાંગભાઈના છગ્રાહકના વિઝા આવ્યા ન હતા. અંતે પોલીસને જાણ કરવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

---

### વિજ્ઞાન અને એઆઇના યુગમાં પણ અંધશ્રધ્ધાના નામે છેતરી લેવાય છે લોકોને

# વિધીના બહાને આધેડના સોળ લાખ ખંખેર્યા

રાજકોટ,તા.૨૪

વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં લોકો એઆઇ તરફ આગળ વધી રહ્યા છે ત્યારે પણ અંધશ્રધ્ધાના નામે છેતરી લેનારા અને છેતરાઇ જનારા મોજુદ છે. વધુ એક ઘટનામાં ગઠીયાઓ આધેડને તમને નડતર છે એટલે તમે ઘરના બધા દુઃખી છો, વિધી કરીને નડતર દુર કરી શકાય છે તેમ કહી ભોળવીને લાખોની ઠગાઇ કરી લીધી છે. આ ગઠીયાઓ આધેડ પાસેથી નડત દુર કરવાની વિધીના નામે અધધધ સોળ લાખ અઠ્ઠાવીસ હજાર પડાવી ગયા છે. ઠગ ત્રિપુટીનું કારસતાન પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના ભાવનગરના બોટાદની છે. અહિ રહેતા આધેડને નડતર છે. તેમ કહી ત્રણ શખ્સોએ મેલી વિદ્યા થકી વશમાં કરી રૂ.૧૬.૨૮ લાખની છેતરપિંડી આચરી હતી. કોમ્પ્યુટર અને ડિજિટલ યુગમાં આજે પણ લોકો અંધ શ્રદ્ધાના શિકાર બની રહ્યા છે.આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવતા બોટાદ પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બોટાદના મોચી પરા બાપા સીતારામની મઢુલી પાસે રહેતા સોમાભાઇ મોરભાઇ નાકિયાએ ત્રણ વર્ષ પહેલા ઘનશ્યામ ગટોરભાઇ રૂપારેલિયાને એક લાખ આપ્યા હતા અને એક વર્ષ બાદ સોમાભાઇએ ઘનશ્યામને કહેલ કે મને રાત્રે આઠ વર્ષની એક છોકરી સપના આવી બે ધોલ મારી હતી. આ છોકરી કોણ છે? અને કેમ ધોલ મારી ગયેલ અને મને કંઇક નડતર જેવું લાગે છે તે જોવડાવવાનુ છે.

જેથી ઘનશ્યામ તેમના મિત્ર સંજય બાબુભાઇ ચૌહાણ કે જે પોતાને ભુવા તરીકે ઓળખાવે છે તેની પાસે લઈ ગયા હતા. ઘનશ્યામ તથા સંજય તથા અલ્પેશ ઘનશ્યામભાઈ રૂપારેલિયાએ સોમાભાઇ વિશ્વાસમા લઇ મેલી વિદ્યા કરી સોમાભાઈને વશમાં કરી અલગ-અલગ સમયે તેર તોલા સોનુ કિ.રૂ.૮,૨૮,૪૦૦ તેમજ રોકડા રૂ. ૮,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૬,૨૮,૪૦૦ પડાવી લીધા હતા.અને સોમાભાઈ ભાનમાં આવ્યા ત્યારે આપેલાં રૂપિયા અને સોનાના ઘરેણા પરત માગ્યા ત્યારે ત્રણેય ઈસમે પરત ન આપી અમારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી હતી.આ બનાવ સંદર્ભે સોમાભાઈ ત્રણ શખ્સ વિરૂદ્ધ બોટાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ સોમાભાઈએ સંજય ભુવાને સપનાની વાત કરતા બધી તકલીફ દુર થઈ જશે તેમ કહી સંજય ભુવા તથા ઘનશ્યામ ઘરે બોટાદ ખાતે આવેલ અને ઘરના સભ્યોને રૂમમાં બેસાડી મેલીવિધ્યા ચાલુ કરી હતી. જેમા પાઠ માડી ટોટકા,દાણા નાખી અમારી ઉપર ધુપ દિવા ચાલુ કરી સોમાભાઈના પંડમાં મેલડીમાંને લાવેલ અને માથેથી નાળીયર ઉતારેલ અને દિકરાઓ તથા પત્નિના માથા ઉપર થી અગરબત્તી ફેરવી વિધીનું નાટક કરી રોકડા ખંખેરી લીધા હતાં. આ પ્રકારની ઠગાઇઓ અગાઉ પણ થઇ ચુકી છે. તાજેતરમાં રાજકોટમાં આવી બે ઘટનાઓ સામે આવી હતી જેમાં મસમોટી ઠગાઇનો પર્દાફાશ થયો હતો. લોકો આજના યુગમાં પણ આ પ્રકારે અંધશ્રધ્ધામાં આંધળાભીત થઇ જઇ લેભાગુઓને માંગે તે આપી દેતાં હોય છે અને બાદમાં છેતરાઇ ગયાની ખબર પડે ત્યારે મોડુ થઇ ગયું હોય છે. આ ઘટના પણ લોકો માટે લાલબત્તી સમાન બની રહી છે.



ઠગ ત્રિપુટીએ વિધીનું નાટક કરી ખેલ પાર પાડ્યો: લેભાગુઓની વાતોમાં ભોળવાઇ જતાં લોકો સામે લાલબત્તી સમાન કિસ્સો

---

### જેની પાસે ભણતર સાથે ગણતરનું જ્ઞાન લીધું એને જ પછી હવસનો શિકાર બનાવ્યા!

# શિક્ષીકાને મોહજાળમાં ફસાવી છાત્રનું શારીરિક શોષણ

## રાજકોટની ચકચારી ઘટનામાં આડત્રીસ વર્ષના શિક્ષીકાની ફરિયાદ પરથી તેનાથી ઉંમરમાં બાર વર્ષ નાના પુર્વ વિદ્યાર્થી સામે દૂષ્કર્મનો ગુનો દાખલ કરાયો

રાજકોટ,તા.૨૪

હવસખોરી વિકૃતી ઠેકઠેકાણે જોવા મળતી હોય છે. અમુક બનાવમાં તો લોકો વિચારતા થઇ જાય એવી હકિકત સામે આવતી હોય છે. દૂષ્કર્મની બીજી રીતે કહીએ તો લવ સેક્સ ઔર ધોખાની એક એવી ઘટના સામે આવી છે જેને સમાજને વિચારમાં મુકી દીધો છે. એક વિદ્યાર્થીએ પોતાનાથી બાર વર્ષ મોટી એવી શિક્ષીકાને પોતાની મોહજાળમાં ફસાવી એવી અંધ કરી દીધી હતી કે ખુદ શિક્ષીકા કે જે બીજા છાત્રોને ભણતર સાથે ગણતરનું જ્ઞાન આપે છે તે પોતે જ દૂષ્કર્મનો દગાખોરીનો ભોગ બની ગઇ હતી. અગાઉ આ શિક્ષીકા પાસે દસમુ ધોરણ ભણી ગયેલો છાત્ર હવે બાર વર્ષ બાદ તેણી સાથે ઓચીંતો ફેસબૂકથી સંપર્કમાં આવ્યો હતો. પછી તેણે વાતચીતનો દોર આગળ વધારી એવી જાળ બીછાવી હતી કે જેમાં શિક્ષીકા આબાદ ફસાઇ ગઇ હતી. આ શખ્સે પોતે દસમુ ભણતો ત્યારથી શિક્ષીકાને લાઇક કરે છે અને તેણીના પ્રેમમાં છે, લગ્ન કરશે તેમ કહી તેનું શારીરિક શોષણ તો કર્યુ જ હતું, સાથે સાથે આર્થિક ફટકો પણ દીધો હતો. છેલ્લે આ શખ્સે બીજી યુવતિ સાથે સગાઇ કરી લેતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં દૂષ્કર્મની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં ગુરૂ અને શિષ્યના સંબંધો શર્મસાર થયા છે. ધોરણ-૧૦માં જે છોકરો એક સમયે જે શિક્ષીકા પાસે ભણ્યો હતો તેણીનો બાર વર્ષ પછી સંપર્ક કરી હવે યુવાન થઇ ગયેલા આ છાત્રએ લગ્નની લાલચ આપી વિદેશમાં સ્થાયી થવાની વાતો કરી પોતાની મોહજાળમાં ફસાવી અઢી વર્ષ સુધી શારીરિક શોષણ કરતાં અને છેલ્લે હું તમને ઓળખતો જ નથી તેવું કહી દેતાં આડત્રીસ વર્ષિય શિક્ષીકાએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે. આ શખ્સે શિક્ષીકા પાસેથી લાખોની રોકડ પણ પડાવી લીધાનો આરોપ મુકાયો હોઇ પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે છુટછાડો લઇ ચુકેલા અને હાલ એકલા રહેતાં શિક્ષીકાની ફરિયાદ પરથી તેણીના ભુતપુર્વ છાત્ર હાલ મવડી સંસ્કાર સીટી બી-વીંગ ૪૦૪માં રહેતાં ધ્રુવીલ પંકજભાઇ દેસાઇ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આગળ ધપાવી છે.



દસમુ ધોરણ જેની પાસે ભણ્યો તે શિક્ષીકાનો બાર વર્ષ પછી ફેસબૂકથી સંપર્ક કર્યો, વાતો કરી, પછી ઘરે પહોંચી ગયો ને કહ્યું-હું તમને પહેલેથી લાઇક કરતો હતો: હવે પ્રેમ કરું છું, લગ્ન કરીને આપણે વિદેશ જઇશું એવી લાલચ દીધી: વારંવાર દેહ પીંખ્યો, રોકડ પણ લઇ લીધી: છેલ્લે દગો દઇ દીધો

એફઆઇઆરની વિગતો અનુસાર પતિ સાથે છૂટાછેડા થયા બાદ રાજકોટમાં એકલા જ રહેતા શિક્ષિકાએ પોલીસમાં નોંધાવેલી ભોગ બનેલા શિક્ષીકાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૫ જૂન ૨૦૨૪ના રોજ તેના ફેસબુક પર એક મેસેજ આવ્યો હતો અને તેમાં લખ્યું હતું કે તે તેનો પુર્વ વિદ્યાર્થી છે. ત્યારબાદ ફોન નંબરની આપ લે થઈ હતી. આ વિદ્યાર્થી શિક્ષીકા કરતાં ઉંમરમાં બાર વર્ષ નાનો હતો આમ છતાં તેણે શરૂઆતમાં ફોન પર વાતો કરી હતી અને બાદમાં પોતે તેણીને પ્રેમ કરે છે અને લગ્ન કરવા માંગે છે તેવી વાતો કરી હતી. બે વર્ષ પહેલા ૨૦૨૪માં ધ્રુવીલ શિક્ષિકાને ફોન કરીને સીધો જ તેના ઘેર પહોંચી ગયો હતો અને કહ્યું હતું કે-હું જ્યારે તમારી પાસે દસમા ધોરણમાં ભણતો હતો ત્યારથી તમે મને ગમો છો, હું ત્યારથી જ તમને લાઇક કરતો આવ્યો છું શરૂઆતમાં તો શિક્ષીકાને પુર્વ વિદ્યાર્થી અને ઉંમરમાં બાર વર્ષ નાના એવા આ યુવાનની વાતો અજુગતી લાગી હતી.

પરંતુ બાદમાં તેણે પોતે તેણીને ખુબ પ્રેમ કરે છે અને લગ્ન કરી ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થઇ જઇશું તેવી વાતો કરી આંબા આંબલી દેખાડ્યા હતાં. પોતાના જ પુર્વ વિદ્યાર્થીની આવો વાતોમાં શિક્ષીકા અંજાઇ ગયા હતાં. જેનો ગેરલાભ ઉઠાવી આ છાત્રએ તેણી સાથે લગ્નની વાતો કરી શરીર સંબંધ બાંધી લીધો હતો. આ પછી જાન્યુઆરી ૨૦૨૫માં શિક્ષિકાના માતાને પણ તે મળ્યો હતો અને પોતે શિક્ષીકા સાથે લગ્ન કરીને વિદેશ જવા માંગે છે તેવી વાતો કરી હતી. આ પછી અવાર-નવાર તે સાંજે, રાત્રે શિક્ષીકાના ઘરે પહોંચી જતોહ તો અને લગ્નની વાતો કરી પતિ-પત્નિ જેવા સંબંધ બાંધવા માંડ્યો હતો. એક વખત તો બંને થાઈલેન્ડ અને ચાર ધામની યાત્રાએ પણ ગયા હતાં. શિક્ષિકાએ ફરિયાદમાં જણાવ્યું છે કે ફેબ્રુઆરી ૨૦૨૫માં ધ્રુવીલના માતાનો ફોન આવ્યો હતો કે-તે મારા દિકરાને ફસાવ્યો છે. ફોન આવ્યો ત્યારે પણ ધ્રુવીલ તેણીની સાથે જ હતો. જે તે વખતે આ વાત સાંભળી ધ્રુવીલે કહેલું કે-તમારે હા એ હા કરવાની છે, બાકી હું બધુ સંભાળી લઇશ. બાદ ધ્રુવીલે માર્ચ ૨૦૨૫માં તેની સાથે જ ભણતી યુવતી સાથે સગાઈ કરી લીધી હતી. આ વાતની શિક્ષીકાને થતાં તેણે ધ્રુવીલને ફોન કરતાં તેણે સ્પષ્ટ કહી દીધુ હતું કે-પરિવારના દબાણથી મેં આ સગાઈ કરી છે, પરંતુ હું લગ્ન તો તમારી સાથે જ કરવાનો છું. આ પછી પણ તા. ૨૩-૧૨-૨૦૨૫ સુધી મળવાનો સિલસિલો ચાલુ રહ્યો હતો અને આ સમય દરમિયાન પણ અનેક વખત શારીરિક સંબંધ બંધાયા હતાં. શિક્ષીકાએ કહ્યું કે અઢી વર્ષના સમયગાળા દરમિયાન ધ્રુવીલે જ્યારે સગાઈ કરી લીધી ત્યારબાદ ધ્રુવીલના માતા અને જેની સાથે સગાઈ થઈ હતી તે યુવતી પણ પોતાને મળવા આવ્યા હતા અને ધ્રુવીલની હવે સગાઈ થઈ ગઈ છે તેથી તેની સાથેનો સંબંધ પૂરો કરી નાખવા કહ્યું હતું. પણ આ વખતેય ધ્રુવીલે પોતે શિક્ષીકા સાથે જ લગ્ન કરશે તેવી વાત પકડી રાખી હતી. એ પછી તેણે ધંધામાં ખોટ ગયાનું કહીને નવેક લાખની રોકડ રકમ મેળવી હતી. દાગીના વેંચીને શિક્ષીકાએ તેને નાણા દીધા હતાં. પણ હવે ધ્રુવીલે પોતે તેણીને ઓળખતો નથી અને કોઇ રૂપિયા લીધા નથી તેમ કહી દીધુ હતું. અંતે ગાંધીગ્રામ પોલીસમાં શિક્ષીકાએ ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનામાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં તપાસ આગળ ધપાવાઇ છે. એક શિક્ષીકાને જ પોતાની હવસનો શિકાર બનાવી આર્થિક શોષણ પણ કર્યા બાદ લવ સેક્સ ધોખા જવું કરનારા શિક્ષીકાના પુર્વ વિદ્યાર્થી એવા આરોપીને શોધવા પોલીસ કામે લાગી છે. આ ઘટનાએ સૌને વિચારતા કરી મુક્યા છે.

### શાંત અને રંગીલા શહેર રાજકોટમાં વારંવાર પકડાય છે માદક પદાર્થઃ દારૂ સાથે ડ્રગ્સના બંધાણી વધ્યા

# ઉપલેટાના મુસ્તકીરને ગ્રાહકને બદલે પોલીસ ભેટી

## ભક્તિનગર પોલીસે બાતમીને આધારે જંગલેશ્વરમાંથી દબોચી લીધોઃ એક કીલોથી વધુનો માદક પદાર્થ કબ્જેઃ મોકલનારની શોધખોળ

રાજકોટ,તા.૨૪

રંગીલા મોજીલા શાંત શહેર ગણાતા રાજકોટમા સમયાંતરે માદક પદાર્થ ઝડપાતો રહે છે. પોલીસ આ દુષણને નાબુદ કરવા માટે સતત સક્રિય છે તે ખુબ સારી બાબત છે. છેલ્લે ઉપરા ઉપર એસઓજીએ આવા માદક પદાર્થની હેરાફેરી નાકામ બનાવી હતી. જો કે ચિંતાની વાત એ છે કે હવે દારૂની જેમ આવા પદાર્થોના બંધાણીઓ પણ વધી ગયા છે. આ વચ્ચે શહેર ભક્તિનગર પોલીસની ટીમે ગાંજાના જથ્થા સાથે જંગલેશ્વરમાંથી ઉપલેટાના શખ્સને પકડી લીધો છે. ગાંજો લઇને આવેલો આ શખ્સ વેંચવા માટે ગ્રાહકની શોધમાં હતો. પરંતુ તેને ભક્તિનગર પોલીસનો ભેટો થઇ ગયો હતો. આ શખ્સ ગાંજો ક્યાંથી લાવ્યો? અગાઉ અહિ આ રીતે પદાર્થ વેંચી ગયો છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં માદક પદાર્થની હેરાફેરીનો વધુ એક વખત પર્દાફાશ કરવામાં આવ્યો છે. ભક્તિનગર પોલીસે જંગલેશ્વર વિસ્તારમાંથી ઉપલેટાના એક શખ્સને ગાંજા સાથે દબોચી લીધો છે. અગાઉ ઉપલેટામાં દારૂના બે કેસમાં સંડોવાઇ ચુકેલા આ શખ્સને માદક પદાર્થ સાથે પકડી લઇ વિશેષ તપાસ શરૂ કરવામાં આવી હતી. શહેરને ઉડતા રાજકોટ બનતું અટકાવવા પોલીસ સતત આવા પદાર્થોની હેરાફેરી થતી અટકાવી રહી છે. માદક પદાર્થની ગેરકાયદે પ્રવૃતિ અટકાવવા અને દુષણને નેસ્ત નાબુદક રવા ઝુંબેશ ચાલી રહી હોઇ તે અંતર્ગત એનડીપીએસના કેસ શોધવા ઉચ્ચ અધિકારીઓએ સુચના આપી હતી.

યુવાધન નશાના રવાડે ચડતું અટકે તે માટે સે નો ટુ ડ્રગ્સ અંતર્ગત ભક્તિનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. પ્રકાશભાઇ લાલજીભાઇ મકવાણાને બાતમી મળી



હતી કે જંગલેશ્વર આરએમસી ક્વાર્ટર બ્લોક નં. ૯/૧૪ નજીક એક શખ્સ શંકાસ્પદ માદક પદાર્થ સાથે આવ્યો છે. આ બાતમીને આધારે પોલીસ ટુકડી ત્યાં પહોંચતા બાતમી મુજબનો શખ્સ જોવા મળતાં તેને રાઉન્ડઅપ કરી પુછતાછ કરતાં પોતાનું નામ મુસ્તકીમ શૌકતભાઇ બુખારી જણાવ્યુ.હતું. ૨૧ વર્ષના આ શખ્સ પોતે ઉપલેટામાં સ્મશાન રોડ, પંજાબી હોલની પાસે રહેતો હોવાનું કહ્યું હતું.

પોલી તેની તલાસી તેની પાસેથી ગાંજો મળી આવ્યો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવતાં આ પદાર્થ ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આ શખ્સ પાસેથી રૂ. ૮૬૬૦૦નો ૧.૭૩૨ ગ્રામ ગાંજો કબ્જે કરાયો હતો. તેમજ રૂ. ૬૭૦ રોકડા પણ જપ્ત કરાયા હતાં. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મુસ્તકીમ છુટક કામ કરે છે. તેના વિરૂધ્ધ ઉપલેટામાં અગાઉ દારૂના બે કેસ નોંધાયા હતાં. તે ઉપલેટા તરફથી આ ગાંજો લઇને જંગલેશ્વરમાં કોઇને આપવા આવ્યો હોવાની પ્રાથમિક વિગતો ખુલી હતી.

મોકલનાર અને મંગાવનારની શોધખોળ થઇ રહી છે. તેમજ આ શખ્સ અગાઉ આ રીતે ડીલીવરી આપી ગયો છે કે કેમ? તેની પણ રિમાન્ડ દરમિયાન વિગતો બહાર આવશે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીએસઆઇ જે. જે. ગોહિલ, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. હરવિજયસિંહ ગોહિલ, મયુરદાન બાટી, કેતનભાઇ બોરીચા, કોન્સ. પ્રકાશભાઇ મકવાણા, પ્રભાતભાઇ મૈયડ, નિલેષભાઇ મિયાત્રા, રવિભાઇ રત્નુ, યોગીરાજસિંહ જાડેજા, હોમગાર્ડ દિપભાઇ ટાંક, હાર્દિકભાઇ પીપળીયાએ આ કામગીરી કરી હતી. વિશેષ તપાસ માટે મુસ્તકીમના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. અગાઉ પણ આ રીતે ગાંજો, એમડી, અફીણ સહિતના પદાર્થો ઝડપાયા છે. તાજેતરમાં એસઓજીએ લાખોનો હાઇબ્રીડ ગાંજો ઝડપી લીધો હતો. આ જોતાં જણાઇ આવે છે કે શહેરમાં દારૂની જેમ ડ્રગ્સના બંધાણીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે!

### નહિ જેવી વાતે કાળઝાળ બનીને લોહી તરસ્તો બની જાય છે માણસ

# નજીવી બાબતે મિત્રના હાથે ભાઈબંધની હત્યા

## બંને સાથે ચીકન લેવા ગયાઃ જ્યાં એકને બીજા મિત્રો મળી જતાં પરત સાથે જવાની ના કહેતાં વાત વણસી અને હત્યા સુધી પહોંચીઃ પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી હત્યારાને ઝડપી લીધો

રાજકોટ,તા.૨૪

નાની મોટી વાતે મારામારી, હત્યાની કોશિષ કે હત્યાના બનાવો સતત વધી ગયા છે. નહિ જેવી વાતે માણસ લોહીતરસ્તો બની જતો હોય છે. વધુ એક કિસ્સામાં હત્યા થઇ છે. જેમાં એક યુવાનને તેના જ મિત્રએ ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો છે. પોલીસે જો કેગણતરીના કલાકોમાં આરોપીનો ફિલ્મી ઢબે પીછો કરીને પકડી લીધો હતો. સામાન્ય બોલાચાલીમાં વાત વણસી ગઇ હતી અને મિત્રએ મિત્રની જિંદગી હણી નાંખી હતી. બે મિત્રો ચીકન લેવા માટે એક સાથે ગયા હતાં. જ્યાં એક મિત્રને તેના બીજા મિત્રો મળી જતાં તેણે જેની સાથે ગયો હતો તેને હવે પોતે પરત સાથે નહિ આવે તેમ કહેતાં વાત બગડી ગઇ હતી અને હત્યા સુધી પહોંચી ગઇ હતી.



વિગતો જોઇએ તો હત્યાની આ ઘટના સુરતના ડિંડોલી વિસ્તારમાં બની છે. મિત્રતામાં લોહી વહ્યું હોવાની ઘટના સામે આવી છે. ભેસ્તાન ઓવરબ્રિજ નીચે સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાયેલા રકબીરસિંહ ઉર્ફે રઘુએ તેના જ મિત્ર આકાશ પાટીલ પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી દઈ તેની હત્યા કરી નાખી હતી. બનાવની ગંભીરતાને જોતા ડિંડોલી પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગણતરીના કલાકોમાં જ આરોપીને ફિલ્મી ઢબે પીછો કરીને ઝડપી પાડ્યો હતો. આ ઘટના બારમાં પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ આરોપી બાવીસ વર્ષિયરકબીરસિંહ ઉર્ફે રઘુ ટાંક અને મૃતક સત્યાવીસ વર્ષિય આકાશ સંજયભાઈ પાટીલ છેલ્લા નવેક મહિનાથી મિત્રો હતા.

ગત એકવીસમી રાત્રે બંને મોટરસાઈકલ પર સવાર થઈ ભેસ્તાન ઓવરબ્રિજ નીચે ચિકન લેવા ગયા હતા. ત્યાં આકાશના અન્ય મિત્રો મળતા તેણે રઘુ સાથે પાછા આવવાની ના પાડી દીધી હતી. આ બાબતની જીદ અને તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. રાત્રિના અઢી વાગ્યાના અરસામાં બોલાચાલી એટલી વધી ગઈ કે ઉશ્કેરાયેલા રઘુએ પોતાની પાસે રહેલી છરી કાઢી આકાશના શરીર પર જીવલેણ હુમલો કરી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા આકાશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ બાદ આરોપી નાસી છૂટ્યો હતો, જેના પગલે ડિંડોલી પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

હત્યાની ઘટના જાહેર થતાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની સૂચના હેઠળ સર્વેલન્સ સ્કોડની ટીમો કાર્યરત હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસને ચોક્કસ લોકેશન મળ્યું હતુ કે આરોપી ભેસ્તાન આવાસના બી બ્લોક પાસે છુપાયો છે. પોલીસને જોતા જ રઘુએ પાછળની દીવાલ કૂદીને ભાગવાના પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ફિલ્મી સ્ટાઈલમાં તેનો પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલો આરોપી રકબીરસિંહ ઉર્ફે રઘુ અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો રહ્યો છે. આરોપી સામે પલસાણા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી અને લૂંટ અને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં હથિયાર બંધીના જાહેરનામાનો ભંગમાં ગુના નોંધાયેલા છે. હાલ પોલીસે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. મૃતકની બહેને જણાવ્યું હતું કે, મરનાર મારા ભાઈ હતો, હું એની બહેન છું. મારા ભાઈ સાથે આવું થયેલું છે, મને ન્યાય જોઈએ છે. મારી માંગ એક જ છે. હત્યાના આરોપીને જો કે તત્કાળ પકડી લઇ આકરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

### લાલચનું ગાજર આગળ ધરી ગઠીયાગીરી કરવાનો વધુ એક બનાવ

# ફોરેક્સમાં નફાના નામે ૫૭ લાખ ગુમાવ્યા

## પ્રોપર્ટી ડીલરને રૂબરૂ મળેલા શખ્સે પોતે જેમાં રોકાણ કરે છે તેમાં મોટો નફો છે તેવું કહી શરૂઆતમાં નફો કરાવડાવ્યોઃ પછી મસમોટો ડામ દીધોઃ સુત્રધારની કરોડોના કૌભાંડમાં સંડોવણી

રાજકોટ,તા.૨૪

ઓનલાઇન સાયબર ગઠીયાઓ ગમે ત્યારે ગમે તેને શિકાર બનાવી લાખો કરોડો ઉસેડી લેતાં હોય છે. આવી જ રીતે ઓફ લાઇન એટલે કે રૂબરૂમાં આવીને પણ ગઠીયાઓ લાલચ દઇ છેતરી જાય છે. વધુ એક વખત રોકાણના નામે મોટી ઠગાઇ થઇ છે. જેમાં પ્રોપર્ટી ડીલર ભોગ બન્યા છે. તેમને ફોરેક્સ ટ્રેડીંગમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી અડધા કરોડથી વધુની રકમ ઉસેડી લેવામાં આવી છે. આ મામલે ફસાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસના હાથમાં આ મામલે એક આરોપી હાથમાં પણ આવી જતાં તેની વિશેષ પુછપરછ શરૂ કરવામાં આવી છે.આ શખ્સે ઓનલાઇન એપ પર એકાઉન્ટ ખોલાવડાવી રોકાણ કરાવડાવી શરૂઆતમાં નફો અપાવ્યો હતો. પછી છપ્પન લાખ બાણુ હજાર રૂપિયા પ્રોપર્ટી ડીલરે આ ફ્રોડમાં ગુમાવ્યા છે.




વિગતો પર નજર કરીએ તો શેરબજાર, યુએસડીટી, ટાસ્કમાં રોકાણના નામે લોકોને સતત છેતરી લેવામાં આવતાં હોય છે. આમ છતાં લોકો લાલચમાં આવીને રોકાણ કરવા જાય છે અને લાખો કરોડો ગુમાવી બેસે છે. આવી જ વધુ એક ઘટના જોઇએ તો સુરતમાં ઓનલાઈન રોકાણના નામે છેતરપિંડીનો મોટો કેસ સામે આવ્યો છે. વધુ નફાની લાલચે ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરનાર એક પ્રોપર્ટી ડીલરે રૂ.૫૬.૯૨ લાખ ગુમાવ્યા હોવાનો બનાવ સામે આવ્યો છે. એકસઠ વર્ષીય કરસનભાઈ ખોખાની જેઓ વેસુ રોડ પર રહે છે અને પ્રોપર્ટી ખરીદ-વેચાણનું કામ કરે છે. તેમનો સંપર્ક વડોદરાના આશિષ પટેલ સાથે થયો હતો. આશિષ દ્વારા તેમને એક કંપનીમાં રોકાણ કરવા પ્રલોભન આપવામાં આવ્યું હતું.

જે તે વખતે આશિષે જણાવ્યું હતું કે તે જ્યાં રોકાણ કરે છે ત્યાંથી સારો નફો મળે છે અને વધુ માહિતી માટે સોમપુરીનો સંપર્ક કરવા કહ્યું હતું. બાદમાં સોમપુરી ગોસ્વામીએ કરસનભાઈને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવા પ્રેરિત કર્યા હતા. સાથે જ છ ટકાનો નફો અને ગિટ તરીકે ટીએલસી કોઈન આપવાની લાલચ આપી હતી. આરોપીઓએ એક વેબસાઈટ પર એકાઉન્ટ ખોલાવી તેમાં રોકાણ કરાવ્યું હતું. કરસનભાઈએ પોતાનાં તેમજ પત્નીના ખાતામાંથી પણ રકમ ઈન્વેસ્ટ કરી હતી. શરૂઆતમાં થોડો પ્રોફિટ આપીને વિશ્વાસ જીત્યા બાદ આરોપીઓએ વનફો આપવાનું બંધ કરી દીધું હતું. બાદમાં આશિષ પટેલ અને સોમપુરી ગોસ્વામીએ જવાબદારીમાંથી હાથ ચા કરી દીધા હતા.

પોતાની સાથે ઠગાઇ થઇ છે તેની ખબર પડ્યા બાદ તેમણે આ અંગે સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગુનો દાખલ થયો હતો. તપાસ દરમિયાન પોલીસએ વડોદરાથી સોમપુરી ઉર્ફે કિશનપુરી ગોસ્વામીને ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ કેસમાં સંડોવાયેલ અન્ય આરોપી લવીશ ચૌધરી પર ઈડીના ચારસો કરોડના કૌભાંડમાં સંડોવણી હોવાનો ખુલાસો થયો છે. ઉપરાંત દેશભરમાં આ ગેંગ સામે લગભગ પચાસ જેટલી ફરિયાદો નોંધાઈ ચૂકી છે અને કુલ છેતરપિંડીનો આંક દસ કરોડથી વધુ પહોંચી ગયો છે. ઝડપાયેલા સોમપુરીની તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલવાની પોલીસને આશા છે.

### વસમી વિદાયઃ છ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ ગુમાવી દીધા આત્મજનો

# બૂલેટ ખરીદીને નીકળેલા યુવાનનું મોત

## એમપીના બે મિત્રો ભાવનગરથી બૂલેટ લઇને નીકળ્યા અને મોલડી પાસે સર્જાયો જીવલેણ અકસ્માતઃ એકનું મોત, બીજાનો બચાવઃ એક યુવાનનું ત્રીજા માળેથી પટકાતાં મૃત્યુઃ એક યુવાને ફાંસો ખાઇ જીવ દીધોઃ બેડી યાર્ડના દરવાજે સિક્યુરીટી ગાર્ડનું હૃદય બેસી જતાં મૃત્યુઃ વૃધ્ધ અને મહિલાના બેભાન હાલતમાં થયા મૃત્યુ

રાજકોટ,તા.૨૪

રોજબરોજ સર્જાતા વાહન અકસ્માતની ઘટનાઓમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થાય છે. અમુક સામાન્ય ઈજા પામે છે તો અમુકના હાડકા ભાંગી જાય છે. તો ઘણા બનાવમાં આવા અકસ્માત જીવલેણ પણ નીવડે છે. વધુ આવી બે ઘટનામાં બે પરિવારના આશાસ્પદ યુવાન દિકરાઓનો જીવ ગયો છે. આકસ્મિક એવી આ ઘટનાઓમાં જે બે યુવાનોનો આલગ અલગ સ્થળે મૃત્યુ થયા છે તે બંને જોગાનુજોગ મધ્યપ્રદેશના હતાં અને બંનેએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં. એક યુવાન બૂલેટ ખરીદીને વતન જતો હતો ત્યારે અકસ્માત નડતાં જીવ ગયો હતો. બીજો યુવાન કંપનીના ક્વાર્ટરમાં ત્રીજા માળેથી પટકાતાં મોત થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ચોટીલાના નાની મોલડી પાસે વહેલી સવારે બૂલેટ ડિવાઇડરમાં અથડાઇ જતાં ચાલક મધ્યપ્રદેશના યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું છે. જ્યારે તેની સાથેના તેના મિત્રનો ચમત્કારીક બચાવ થયો છે. બંને મિત્રો ઉજ્જૈનથી ભાવનગર આવ્યા હતાં અને અહિથી સેકન્ડ હેન્ડ બૂલેટ ખરીદી પરત જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ માહિતી પર નજર કરીએ તો મધ્યપ્રદેશ રહેતો બાવીસ વર્ષનો આયુષ વેસતાભાઇ ચંગળ નામનો યુવાન ગઇકાલે પોતાના મિત્ર બાવીસ વર્ષના સૂરજ ફત્તુભાઇ જમરાને સાથે લઇ ઉજ્જૈનથી ભાવનગર આવ્યો હતો. આયુષને સેકન્ડ હેન્ડ બૂલેટ ખરીદ કરવું હોઇ કોઇ મિત્ર પાસેથી માહિતી મેળવી બંને ભાવનગર આવ્યા હતાં.

બંનેએ ભાવનગર ખાતેથી કોઇ એક બ્રોકર પાસેથી ૧ લાખ ૩૫ હજારમાં બૂલેટની ખરીદી કરી હતી. બાદમાં બંને બૂલેટ પર બેસીને ઉજ્જૈન જવા રવાના થયા હતા. દરમિયાન સવારે પાંચેક વાગ્યે ચોટીલાના નાની મોલડી પાસે પહોંચ્યા ત્યારે ચાલક આયુષે કોઇપણ કારણોસર કાબુ ગુમાવતાં બૂલેટ રોડ ડિવાઇડરમાં



અથડાઇને સ્લીપ થઇ ઉછળીને સામેના રોડ પર જતું રહ્યું હતું. આ અકસ્માતમાં આયુષને ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે મિત્ર સુરજનો ચમત્કારીક બચાવ થયો હતો. તેણે ૧૦૮ બોલાવી આયુષને સારવાર માટે ચોટીલા અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ ટુંકી સારવારને અંતે આયુષે દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર આયુષ બે બહેન અને ત્રણ ભાઇમાં મોટો હતો. તે ખેત મજુરી કરતો હતો. સંતાનમાં એક દિકરો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં નાની મોલડી પોલીસે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી આવી આકસ્મિક મૃત્યુની ઘટનામાં પણ મૃત્યુ પામનાર એમપીનો હતો અને તેની ઉમર પણ બાવીસ વર્ષની હતી. વિગતો જોઇએ તો વાંકાનેરના વઘાસીયા ગામ પાસે આવેલી ટાઇલ્સની કંપનીમાં કામ કરતો અને ત્યાંના ક્વાર્ટરમાં રહેતો મુળ મધ્યપ્રદેશ ઉજ્જૈનનો બાવીસ વર્ષનો સંદિપ નામનો યુવાન સાંજે ક્વાર્ટરમાં ત્રીજા માળે હતો ત્યારે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું.

વિશેષ માહિતી અનુસાર સંદિપ સાંજે કંપનીમાં કામ પુરુ કર્યા બાદ ક્વાર્ટરમાં આવ્યો હતો. અહિ તે ત્રીજા માળે રહેતો હતો. સાંજે બીજા રૂમ પાર્ટનર રૂમમાં હતાં ત્યારે તે ગેલેરીમાં ઉભો હતો તે વખતે એકાએક પડી જતાં ગંભીર ઇજા થતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સવારે દમ તોડી દેતાં સાથી મજૂરોમાં શોક છવાઇ ગયો હતો. મૃતક દુરેજા ગ્રેનાઇટ નામની કંપનીમાં કામ કરતો હોવાનું તેની સાથેના મજૂરોએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર સીટી પોલીસને જાણ કરતાં વાંકાનેર પોલીસે રાજકોટ આવી જરૂરી કાર્યવાહી કરી હતી.

અપમૃત્યુની અન્ય ઘટનાઓમાં મોરબી રોડ વેલનાથપરા-૨માં રહેતાં રાજુભાઇ નારણભાઇ ચારોલા નામના પચાસ વર્ષના પ્રૌઢ બેડી માર્કેટ યાર્ડ ખાતે સિક્યુરીટીની નોકરી કરતાં હોઇ સાંજે નોકરી પુરી કરી ઘરે જવા માટે પોતાના ટુવ્હીલર પર બેઠા હતાં. વાહન ચાલુ કરે એ પહેલા જ તેઓ એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. મૃત્યુ પામનાર રાજુભાઇ ત્રણ ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. મોભીના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

જ્યારે અન્ય બે બનાવમાં મવડી બાપા સિતારામ ચોકમાં રાધીકા પાર્કમાં રહેતાં લીલાબેન રાઘવભાઇ ફળદુ નામના બાવન વર્ષના મહિલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે ગોંડલ રોડ પર સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં સિત્તેર વર્ષના પ્રવિણભાઇ પદ્માશંકર શુક્લાનું પણ બેભાન થઇ જતાં મૃત્યુ થતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

આપઘાતની એક ઘટનામાં કાલાવડ રોડ જડુસ નજીક આંબેડકરનગરમાં રહેતાં જીતેશભાઇ દેવજીભાઇ દાફડા નામના બત્રીસ વર્ષના યુવાને પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ હતું. તેઓ બે ભાઇ અને બે બહેનમાં બીજા હતાં અને કડીયા કામ કરતાં હતાં. તેમને મગજની તકલીફ હોઇ દવા ચાલુ હતીં. રાતે નાના ભાઇ તેને ઉપરના રૂમમાં દવા આપવા ગયા ત્યારે દરવાજો બંધ હોઇ તપાસ કરતાં તેણે ફાંસો ખાઇ લીધાનું જણાતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. આમ છ પરિવારોએ અપમૃત્યુની ઘટનાઓમાં પોતાના સ્વજનો ગુમાવતાં કલ્પાંત સર્જાયો હતો.

# આંતરિક ગજગ્રાહથી સાંઢિયાપુલનું લોકાર્પણ ખોરંભે !

## ભૂતપૂર્વ પદાધિકારીઓ અને કમિશનરના આદેશ છતાં પુલનું લોકાર્પણ એક બે વખત નહીં પણ અવારનવાર પાછળ સેન્ટ્રલ ઝોનના બે અધિકારીઓ વચ્ચેનો ગજગ્રાહ નડી ગયો ! : અગાઉ ત્રણ વખત લોકાર્પણની તારીખો જાહેર કરાયા બાદ પણ ન તો કામ પુરૂં થયું કે ન તો લોકાર્પણ થયું : કમિશનરની શાખ બગાડવાનો પ્રયાસ !



રાજકોટ, તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ અને જામનગર રોડને જોડતાં ૪૦ વર્ષ જુના રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે બની રહેલા સાંઢિયાપુલનું લોકાર્પણ માટે તારીખ પે તારીખ જાહેર કરવામાં આવી રહી છે. પણ, સેન્ટ્રલ ઝોનના જ બે ઉચ્ચ અધિકારીઓ વચ્ચેના 'અસહકાર આંદોલન અને ગજગ્રાહ'ને કારણે સાંઢિયાપુલના લોકાર્પણની તારીખ અવારનવાર જાહેર કરાયા પછી પાછી ઠેલીને કમિશનર સહિતના અધિકારીઓની શાખ બગાડવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

મહાનગરપાલિકાના સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, મહાનગરપાલિકા દ્વારા લાંબા સમયથી જર્જરિત બનેલા સાંઢિયાપુલને તોડીને નવો ફોર લેન બનાવવાની કામગીરી મે ૨૦૨૪માં શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીને બે વર્ષ પુરા થવા આવ્યા છતાં હજી આ કામગીરી ૯૦ ટકા પુરી થઇ છે. આ પુલનું નિર્માણ તત્કાલિન મેયર અરવિંદભાઇ મણિયારના પ્રયાસોથી ૧૯૭૮માં રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવ્યો હતો. જ્યારે આ પુલ બન્યો ત્યારે તેની ઉંચાઇ ૧૫ મીટર રાખવામાં આવી હોવાથી નગરજનોએ તેને ઉંટની પીઠ સાથે સરખાવતા હતા. આથી તેનું નામ સાંઢિયો પુલ પડ્યું છે. ૪૦ વર્ષ જુના આ પુલનું આયુષ્ય પુરૂ થઇ ગયું હોય મહાનગરપાલિકા દ્વારા રેલવે વિભાગના સહયોગથી રૂ. ૭૪.૩૨ લાખના ખર્ચે પુલ તોડીને ટુ લેનને બદલે ફોરલેન બનાવી રહી છે. પણ, છેલ્લા બે વર્ષથી પુલના નિર્માણકાર્યને કારણે ટ્રાફિક નિયમન સરળ કરવા માટે ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યા છે. પુલ બન્યા બાદ અંદાજે એકલાખ વાહનચાલકોને ફાયદો થશે તેવો દાવો મહાનગરપાલિકા દ્વારા અવારનવાર કરવામાં આવે છે. માર્ચ -૨૦૨૪માં પુલ તોડીને નવો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બે વર્ષની સમય મર્યાદામાં આ પુલની કામગીરી પુરી કરવાની હોય હવે સમય મર્યાદા પુરી થવા આડે પંદર દિવસ પણ રહ્યા નથી.

વાસ્તવિકતા એ છે કે પુલની કામગીરી સંપૂર્ણપણે પુરી થઇ ન હોવા છતાં પણ મહાનગરપાલિકાના ઇજનેર કક્ષાના અધિકારીઓ વચ્ચે લાંબા સમયથી ચાલતા ગજગ્રાહને કારણે પુલના લોકાર્પણ માટે એક બે વખત નહીં પણ અનેક વખત તારીખો જાહેર કરીને પ્રજાને મુર્ખ બનાવવાનો અને આંખે પાટાં બાંધવાનો પ્રયાસ થતો રહ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા લાંબા સમયથી જર્જરિત બનેલા સાંઢિયા પુલને તોડીને નવો ફોરલેન બનાવવાની કામગીરી મે ૨૦૨૪માં શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીને બે વર્ષ પુરા થવા આવ્યા છતાં હજી આ કામગીરી ૯૦ ટકા પુરી થઇ છે. આ પુલનું નિર્માણ તત્કાલિન મેયર અરવિંદભાઇ મણિયારના પ્રયાસોથી ૧૯૭૮માં રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવ્યો હતો. જ્યારે આ પુલ બન્યો ત્યારે તેની ઉંચાઇ ૧૫ મીટર રાખવામાં આવી હોવાથી નગરજનોએ તેને ઉંટની પીઠ સાથે સરખાવતા હતા. આથી તેનું નામ સાંઢિયો પુલ પડ્યું છે. ૪૦ વર્ષ જુના આ પુલનું આયુષ્ય પુરૂ થઇ ગયું હોય મહાનગરપાલિકા દ્વારા રેલવે વિભાગના સહયોગથી રૂ. ૭૪.૩૨ લાખના ખર્ચે પુલ તોડીને ટુ લેનને બદલે ફોરલેન બનાવી રહી છે. પણ, છેલ્લા બે વર્ષથી પુલના નિર્માણકાર્યને કારણે ટ્રાફિક નિયમન સરળ કરવા માટે ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યા છે. પુલ બન્યા બાદ અંદાજે એકલાખ વાહનચાલકોને ફાયદો થશે તેવો દાવો મહાનગરપાલિકા દ્વારા અવારનવાર કરવામાં આવે છે. માર્ચ -૨૦૨૪માં પુલ તોડીને નવો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બે વર્ષની સમય મર્યાદામાં આ પુલની કામગીરી પુરી કરવાની હોય હવે સમય મર્યાદા પુરી થવા આડે પંદર દિવસ પણ રહ્યા નથી. વાસ્તવિકતા એ છે કે પુલની કામગીરી સંપૂર્ણપણે પુરી થઇ ન હોવા છતાં પણ મહાનગરપાલિકાના ઇજનેર કક્ષાના અધિકારીઓ વચ્ચે લાંબા સમયથી ચાલતા ગજગ્રાહને કારણે પુલના લોકાર્પણ માટે એક બે વખત નહીં પણ અનેક વખત તારીખો જાહેર કરીને પ્રજાને મુર્ખ બનાવવાનો અને આંખે પાટાં બાંધવાનો પ્રયાસ થતો રહ્યો છે. મહાનગર પાલિકાના પદાધિકારીઓનો કાર્યકાળ તા. ૧૧ માર્ચે પુરો થતો હતો. આથી પદાધિકારીઓ જતાં પહેલા સાંઢિયાપુલનું લોકાર્પણ કરી દેવા માંગતા હતા. આ માટે પદાધિકારીઓ અને કમિશનર તુષાર સુમેરા દ્વારા પુલના નવ નિર્માણની કામગીરી સંભાળતા ઇજનેર કક્ષાના બે અધિકારીઓને સુચના અને તાકીદ પણ કરી દેવામાં આવી હતી. પણ, ઇજનેર કક્ષાના આ બન્ને અધિકારીઓ વચ્ચેના 'અસહકાર આંદોલન' અને બન્ને વચ્ચેના ગજગ્રાહને કારણે પદાધિકારીઓનું સપનું પુરૂં થઇ શક્યું નહોતું.

હવે ઇજનેરો એપ્રિલ મહિનાના બીજા પખવાડિયાની લોલીપોપ ઉચ્ચ અધિકારીઓ અને શહેરીજનોને બતાવી રહ્યા છે. પણ, આ દરમિયાન મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થઇ જાય તો શહેરીજનોને વધુ બે મહિના હેરાનગતિનો સામનો કરવો પડે તેમ છે. જો મુખ્ય પુલની કામગીરી પુરી થાય તો તેને આનુસાંગિક કામગીરીઓ કરવાની બાકી રહે તેમ છે. આથી જો એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમાં સંભવિત લોકાર્પણ થાય તો પણ જ્યાં સુધી સર્વિસ રોડની કામગીરી પુરી ન થાય ત્યાં સુધી શહેરીજનોને હેરાન તો થવાનું જ છે. મહાનગરપાલિકાના અધિકારીઓ પુલની કામગીરી ધીમી પડ્યા પાછળ રેલવે તંત્ર દ્વારા ગર્ડર મુકવા માટે મોડી મંજૂરી મળ્યાનું કારણ બતાવી રહ્યા છે. પુલ પર ગર્ડર મુકવા માટે સમયસર પત્ર લખાયો નહોતો છતાં પણ ઇજનેરો દ્વારા ડિસેમ્બર માસમાં કામ પુરૂ થઇ જશે તેમ ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓને ખાતરી આપી દીધી હતી. જો કે પછી આ તારીખો 'પ્રેશર'ને કારણે આપી દેવાયાનો બચાવ ઇજનેરો દ્વારા કરવામાં આવ્યો હતો.

હવે માર્ચ માસમાં મુદત પુરી થતી હોવા છતાં પણ ઇજનેરો અને અધિકારીઓ જૂન માસમાં મુદત પુરી થતી હોવાનું કહી રહ્યા છે. સાથોસાથ એપ્રિલ માસના બીજા સપ્તાહમાં કામગીરી પુરી થઇ જશે તેવું પણ કહી રહ્યા છે. ઇજનેરો એવો દાવો કરે છે કે, હાલ જે બ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે તે આગામી ૫૦ થી ૧૦૦ વર્ષને ધ્યાને લઈને કરવામાં આવી રહ્યું છે કારણ કે હાલ જે બ્રિજ નું નિર્માણ અને જે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના કારણે બ્રિજ ખૂબ મજબૂત છે જેથી આગામી ૫૦ થી ૧૦૦ વર્ષ સુધી આ બ્રિજમાં જોવાપણું નહીં રહે.

આળસુ તંત્રને કારણે આ વિસ્તારના એક લાખથી વધુ લોકોને હજી હેરાન થવું પડશે

આળસુ તંત્રને લીધે રેલવે તંત્ર પાસેથી ગર્ડર મુકવાની મંજૂરી સમયસર મળી નહોવા છતાં કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓને લોલીપોપ આપતા ઇજનેરોને કારણે પુલની કામગીરી કાચબાગતિએ ચાલી રહી છે. સાંઢિયા પુલનું કામ માર્ચ મહિનાના અંત સુધીમાં પુરૂં કરવાની મુદત છે. ઇજનેરો એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમાં કામગીરી પુરી થવાની જાહેરાત બુધ્ધીપુર્વક કરી રહ્યા છે. કારણ કે આ દરમિયાન ચૂંટણી જાહેર થઇ જશે અને આચારસંહિતના કારણે વધુ સમય મળી જશે. પણ જ્યાં સુધી પુલનું લોકાર્પણ ન થાય ત્યાં સુધી અનેક સોસાયટી, વિસ્તારોમાં વસવાટ કરતા લાખો લોકોને હેરાન થવું પડશે એ નક્કી છે.

આ વિસ્તારોમાં બજરંગવાડી, પુનિતનગર, વોરા સોસાયટી, મોચીનગર, વાંકાનેર સોસાયટી, લોકોકોલોની તેમજ મુખ્ય એવા રેલનગર વિસ્તારના એક લાખથી વધુ લોકો ટ્રાફિક સમસ્યાની પીડા સહન કરવી પડશે. ભોમેશ્વરમાંથી નીકળે તો ટ્રાફિક જામમાં ફસાઈ જાય છે અને પોપટપરામાંથી નીકળે તો ત્યાં પણ આ જ ટ્રાફિકજામનો સામનો કરવો પડે છે.ભોમેશ્વર સોસાયટીની પણ આ જ હાલત છે.એટલું જ નહીં સવાર- સાંજ જ્યારે રેલવે ફાટક બંધ થાય ત્યારે ભારે ભીડ જોવા મળે હોય છે. ટ્રાફિક સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવામાં મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર નિષ્ફળ રહ્યું છે. પરિણામે આ વિસ્તારના નાગરિકોને બહાર નીકળતા પહેલા પણ ૧૦૦ વખત વિચારવું પડે છે. સ્થાનિક પ્રશાસન સાંઢિયાપુલના લોકાર્પણ મામલે ખો આપતા અને અંગત ગજગ્રાહ કે અસહકાર આંદોલનને કારણે પ્રજાને બાનમાં લેતા ઇજનેરો સામે કડકાઇથી કોઇ કામ લેવા ગંભીરતાપૂર્વક ક્યારે વિચારશે તેવો પ્રશ્ન શહેરીજનોમાં પુછાઇ રહ્યો છે.

### પુલની કામગીરી માટે ડે. ઇજનેરકક્ષાના અધિકારીએ પૂર્વ કમિશનર સાથે જીભાજોડી કરી હતી !

મહાનગરપાલિકાના સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ સાંઢિયાપુલના નવ નિર્માણની વાતો તો ૨૦૦૫થી ચાલતી આવતી હતી. પણ તેને આખરી સ્વરૂપ ૨૦૨૪માં મળ્યું હતું. આ સમયે કમિશનર તરીકે આનંદ પટેલ હતા. બ્રીજની કામગીરી માટે જે તે સમયે સેન્ટ્રલઝોનમાં ફરજ બજાવતા ઇજનેર કક્ષાના એક અધિકારીએ તત્કાલિન કમિશનર આનંદ પટેલ સાથે તેમની ચેમ્બરમાં જીભાજોડી પણ કરી હતી. આ પછી સેન્ટ્રલ ઝોનના જ ઇજનેર કક્ષાના આ બન્ને અધિકારીઓ વચ્ચે સિનિયોરીટી અને અનુભવના મુદ્દે સાંઢિયા પુલની કામગીરીમાં અસહકાર આંદોલન અને ગજગ્રાહ ચાલી રહ્યો છે. અને તેનો ભોગ શહેરીજનો બની રહ્યા છે.

# દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજુરી આપતી HC

## માનવીય અભિગમ અપનાવીને ૧૪ વર્ષની પીડિતાના૨૬ સપ્તાહના ગર્ભપાતની પ્રક્રિયા કરવા આદેશ

અમદાવાદ તા.૨૪

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ અને માનવીય અભિગમ અપનાવતા ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાને ૨૬ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી છે. મેડિકલ રિપોર્ટ અને નિષ્ણાત તબીબોના અભિપ્રાયને ધ્યાને રાખીને કોર્ટે પીડિતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના હિતમાં આ આદેશ આપ્યો છે.

મળતી માહિતી અનુસાર, હાઈકોર્ટે સુરેન્દ્રનગરની સી.યુ. શાહ મેડિકલ કોલેજના ત્રણ વરિષ્ઠ ગાયનેકોલોજિસ્ટ અને મનોચિકિત્સકની ટીમ પાસે પીડિતાની તપાસ કરાવી હતી. આ રિપોર્ટના આધારે કોર્ટે સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલને તાત્કાલિક ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવા આદેશ કર્યો છે. આ જટિલ સર્જરી દરમિયાન નિષ્ણાત ચિકિત્સકો અને એનેસ્થેટિસ્ટની ટીમ હાજર રહેશે તેની ખાતરી કરવા પણ જણાવાયું છે.

અદાલતે બાળકના કલ્યાણ પર વિશેષ ભાર મૂકતા સ્પષ્ટ કર્યું છે કે, જો પીડિત પક્ષ બાળકની જવાબદારી લેવા તૈયાર ન હોય, તો રાજ્ય સરકાર અને તેની એજન્સીઓએ કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) અધિનિયમ, ૨૦૦૫ હેઠળ બાળકની તમામ જવાબદારી સ્વીકારવી પડશે. આમાં તબીબી સહાય અને અન્ય તમામ સુવિધાઓ પૂરી પાડવાનો પણ સમાવેશ થાય છે. આ સમગ્ર મામલાની વિગત મુજબ, ૧૩મી માર્ચ ૨૦૨૬ના રોજ સુરેન્દ્રનગરના મૂળી પોલીસ



સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધાયો હતો. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૬૧(૨)(શ), ૬૪(૧) અને પોક્સો (ક્યઈજ્ય) એક્ટની વિવિધ કલમો હેઠળ ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પીડિતાના પરિવારે ગર્ભપાતની પરવાનગી માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

## ખેડૂતોને ૨૦૦ લીટરની ક્ષમતામાં ઈંધણ મળશે : ખાનગી વાહન ચાલકો માટે નિયમ યથાવત

# બેરલ-કેનમાં પેટ્રોલ વેચવાનો પ્રતિબંધ હટાવાયો

ગાંધીનગર, તા.૨૪

પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે રાજ્યભરના ખેડૂતો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ખેતીકામમાં વપરાતા સાધનો જેવા કે ટ્રેક્ટર અને પંપ સેટ માટે ઈંધણની અછત વેઠી રહેલા ખેડૂતોની રજૂઆતોને પગલે સરકારે અગાઉનો કડક આદેશ પાછો ખેંચી લીધો છે. હવેથી ખેડૂતો પેટ્રોલ પંપ પરથી બેરલમાં પેટ્રોલ કે ડીઝલ મેળવી શકશે.



અગાઉ સુરક્ષા અને સંગ્રહખોરીના બહાને કોઈપણ વ્યક્તિને બેરલ કે કેનમાં ઈંધણ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ આદેશને કારણે ખેડૂતોને પોતાના ટ્રેક્ટર કે ભારે મશીનરી પંપ સુધી લાવવામાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી. જોકે, નવા સુધારા મુજબ હવે ખેડૂતો પોતાની જરૂરિયાત મુજબ ૨૦૦ લિટર ની મર્યાદામાં બેરલમાં ઈંધણની ખરીદી કરી શકશે.

માત્ર ખેડૂતો જ નહીં, પરંતુ ટેલિકોમ ક્ષેત્રે પણ મોટી રાહત આપવામાં આવી છે. મોબાઈલ ટાવરધારકો જેમના જનરેટર સેટ ચલાવવા માટે મોટી માત્રામાં ડીઝલની જરૂર હોય છે, તેમને હવે ૧૦૦૦ લિટર ની મર્યાદામાં ઈંધણ આપવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગ્રામીણ વિસ્તારોમાં નેટવર્કની કનેક્ટિવિટી જાળવી રાખવામાં મદદ મળશે.

નોંધનીય છે કે આ છૂટછાટ માત્ર ખેતી અને ટેલિકોમ જેવા વ્યાવસાયિક હેતુઓ માટે જ છે. સામાન્ય જનતા કે ખાનગી વાહનચાલકો હજુ પણ બેરલ કે બોટલમાં પેટ્રોલ-ડીઝલ મેળવી શકશે નહીં. તેમને તેમના વાહનો સીધા પેટ્રોલ પંપ પર લાવીને જ ટાંકી ફુલ કરાવવાની રહેશે.

અગાઉના આદેશને કારણે રાજ્યભરના અનેક પેટ્રોલ પંપ સંચાલકો અને ખેડૂતો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. હવે નવા પરિપત્ર બાદ કૃષિ કામગીરીમાં વેગ આવશે તેવી આશા સેવાઈ રહી છે.

## ભારતીય રેલવેએ બદલ્યા કેન્સલેશન્સના નિયમો

# આઠ કલાક પહેલા ટિકિટ રદ કરવા પર નહીં મળે રિફંડ




નવી દિલ્હી, તા. ૨૪

ભારતીય રેલવેએ મુસાફરો માટે મોટા ફેરફારોની જાહેરાત કરી છે. હવે ટ્રેન ઉપડવાના આઠ કલાક પહેલા ટિકિટ કેન્સલ કરાવવા પર કોઈ જ રિફંડ મળશે નહીં. આ સાથે જ બોર્ડિંગ પોઈન્ટ બદલવા અને ક્લાસ અપગ્રેડ કરવાની નવી સુવિધાઓ પણ આપવામાં આવી છે. ટિકિટિંગ પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને સુરક્ષિત બનાવવામાં આવી છે, જેનો સીધો લાભ સામાન્ય મુસાફરોને મળશે.

કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે રેલવે ટિકિટિંગ સિસ્ટમ અને મુસાફરોની સુવિધા સાથે જોડાયેલા મોટા સુધારાઓની જાહેરાત કરતાં જણાવ્યું કે હવે ટ્રેન છૂટવાના આઠ કલાક પહેલા સુધી ટિકિટ કેન્સલ કરવા પર કોઈ રિફંડ મળશે નહીં. અગાઉ આ મર્યાદા ચાર કલાકની હતી, જેને વધારીને મુસાફરો માટે પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ નવો નિયમ ૧ થી ૧૫ એપ્રિલ ૨૦૨૬ની વચ્ચે લાગુ કરી દેવામાં આવશે.

આ ઉપરાંત રિફંડના અન્ય સ્લેબમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. હવે ૨૪ થી ૮ કલાકની વચ્ચે ટિકિટ કેન્સલ કરાવવા પર ટિકિટની કિંમતના ૫૦ ટકા કાપી લેવામાં આવશે. અગાઉ આ મર્યાદા ૧૨ થી ૪ કલાકની હતી. જો ટ્રેન ઉપડવાના ૭૨ થી ૨૪ કલાક પહેલા ટિકિટ કેન્સલ થશે, તો ૨૫ ટકા રકમ કાપવામાં આવશે. જ્યારે ૭૨ કલાકથી વધુ સમય પહેલા કેન્સલેશન કરાવવા પર પૂરેપૂરી રકમ પરત મળશે, જે દરમિયાન રેલવે મુસાફરો પાસેથી માત્ર ફ્લેટ ચાર્જ જ વસૂલશે.

સમયગાળો અને રિફંડની સ્થિતિ જાહેર મુજબ ૮ કલાકથી ઓછો સમયઃ કોઈ રિફંડ નહીં, ૨૪ થી ૮ કલાકની વચ્ચેઃ ૫૦ ટકા રિફંડ તેમજ ૭૨ થી ૨૪ કલાકની વચ્ચે : ૨૫ ટકા જ રિફંડ મળશે તેવું રેલ્વે તંત્રે જાહેર કર્યું છે. ૭૨ કલાકથી વધુના સમયમાં મહત્તમ રિફંડ (માત્ર ફ્લેટ ચાર્જ કપાશે)એવું પણ જાહેર કરાયું છે.

રેલવે મંત્રીએ નિર્ણય અંગે વધુ માહિતી આપી કે, બ્લેક માર્કેટિંગ અને એજન્ટો દ્વારા છેલ્લી ઘડીએ કરવામાં આવતી ટિકિટ બુકિંગને રોકવા માટે આ નવો રિફંડ નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થયેલી વંદે ભારત સ્લીપર અને અમૃત ભારત ટ્રેનો પર આ નિયમ પહેલેથી જ અમલી છે. આ સાથે કાઉન્ટર ટિકિટ ખરીદનારાઓ માટે ક્લાસ અપગ્રેડની સુવિધા પણ વધારી દેવામાં આવી છે. હવે મુસાફરો ટ્રેન ઉપડવાના ૩૦ મિનિટ પહેલા પણ તેમનો ટ્રાવેલ બોર્ડિંગ પોઈન્ટ બદલવાની સુવિધા પણ હવે મુસાફરોને આપવામાં આવી છે. હવે શરૂઆતના સ્ટેશનથી ટ્રેન ઉપડવાના ૩૦ મિનિટ પહેલા ડિજિટલ માધ્યમથી બોર્ડિંગ પોઈન્ટ બદલી શકાશે. આનાથી મુસાફરોને સુવિધા મળશે અને સીટનો વધુ સારો ઉપયોગ થઈ શકશે. રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે આનાથી ટિકિટની કિંમત પર કોઈ અસર પડશે નહીં.

### ૩ કરોડ શંકાસ્પદ યુઝર આઈડી દૂર કરાયા

વધુમાં આધાર કાર્ડ ઘઝડ, બોટ અને નકલી યુઝર આઈડી ટેકનોલોજી દ્વારા અંદાજે ૩ કરોડ શંકાસ્પદ યુઝર આઈડી રેલવે દ્વારા દૂર કરવામાં આવ્યા છે. જેના પરિણામે ટિકિટની ઉપલબ્ધતામાં સુધારો થયો છે અને સાચા મુસાફરોને પ્રાથમિકતા મળી રહી છે. હવે ટિકિટ કેન્સલ કરવી અને રિફંડ મેળવવું વધુ સરળ બન્યું છે. કાઉન્ટર અને ઈ–ટિકિટ બંને માટે પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે અને TDR જમા કરાવવાની અનિવાર્યતા પણ નાબૂદ કરવામાં આવી છે.